RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 01-10-2026 I VOL : 12 I Issue : 196 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**

જીવનમાં આગળ વધવા માટે ભૂતકાળને પાછળ છોડવો પડે છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  અરબી સમુદ્રમાં 3000 કરોડના ડ્રગ્સની ભયાનક ઝડપ: એજન્સીઓની મોટી...

4  રાજસ્થાનના પિંડવાડાની મોટી કરચ: શું આબુ પર્વત નગરપાલિકા પણ...

6  માતા બન્યાના બે મહિના બાદ જિમમાં જોવા મળી કરિશ્મા તન્ના

7  ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર તરીકે ઓઝાનું નામ ચર્ચામાં


## એક નજર...

### કિલર પોઝથી શિવાંગી વર્માએ વિખેર્યો સુંદરતાનો જાદુ



સોશિયલ મીડિયા પર ખુબ જ સક્રિય રહેતી શિવાંગી વર્મા અવારનવાર પોતાના ઈન્ડિયન અને વેસ્ટર્ન આઉટફિટ્સના ફોટોશૂટ શેર કરીને ચાહકોનું દિલ જીતતી રહે છે. શિવાંગી એક ઉત્તમ અભિનેત્રી હોવાની સાથે સાથે એક શ્રેષ્ઠ ડાન્સર પણ છે અને તેણે રિયાલિટી ડાન્સ શો 'નચ બલિયે 6' માં પણ ભાગ લીધો હતો.

## દિલ્હીમાં I.N.D.I.A. બ્લોકની બેઠક 3 કલાક ચાલી, જેમાં 20 વિપક્ષી દળો જોડાયા

# ચૂંટણી પંચ વિરુદ્ધ 20 રાજકીય પક્ષો એકસાથે રસ્તા પર ઉતરશે, I.N.D.I.A. બ્લોકની બેઠક બાદ ખડગેની જાહેરાત

### ખડગેએ કહ્યુ- ચૂંટણી પંચ કઠપૂતળી બન્યું

નવી દિલ્હી

દિલ્હીના કોન્સ્ટીટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયામાં બુધવારે મળેલી I.N.D.I.A. બ્લોકની મહત્ત્વપૂર્ણ બેઠક લગભગ ત્રણ કલાક સુધી ચાલી હતી. આ બેઠકમાં 20 જેટલા વિપક્ષી દળો સામેલ થયા હતા. બેઠક પૂરી થયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કર્યા હતા. ચૂંટણી પંચ કઠપૂતળીની જેમ કામ કરી રહ્યું છે: ખડગે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, 'ચૂંટણી પંચ (ECI) સરકારના હાથની કઠપૂતળી બનીને કામ કરી રહ્યું છે. આજે દેશભરમાં ચૂંટણી પંચના કામકાજને લઈને ગંભીર ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને તેમના સાથી સભ્યોની ભૂમિકા સામે પણ સવાલો ઉભા થયા છે.' તેમણે માંગ કરી હતી કે જ્ઞાનેશ કુમારને તેમના પદ પરથી હટાવવામાં આવે અને ભવિષ્યની ચૂંટણીઓ માટે એસઆઈઆર (SIR - સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા પહેલાની જ વોટર લિસ્ટનો ઉપયોગ કરવામાં આવે. વળી, વોટર લિસ્ટમાં થતા દરેક ફેરફારમાં સંપૂર્ણ પારદર્શિતા હોવી જોઈએ.




## રાજ્યસભા ચૂંટણીમાં ભાજપમાં પડશે મોટું ગાબડું? અખિલેશ યાદવનો ધડાકો- ઘણા MLA મારા સંપર્કમાં છે...

નવી દિલ્હી

ઉત્તર પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણી 2026ને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે(Akhilesh Yadav) દાવો કર્યો છે કે, ભારતીય જનતા પાર્ટીના અનેક ધારાસભ્યો તેમના સંપર્કમાં છે અને સપાના ત્રીજા ઉમેદવારને જીતાડવામાં મદદ કરશે.

જોકે, તેમણે ઉમેર્યું કે તેઓ સંપર્કમાં રહેલા તમામ ધારાસભ્યોને પોતાની તરફ લઈ શકે તેમ નથી, કારણ કે ભવિષ્યમાં તમામને ટિકિટ આપવી કે એડજસ્ટ કરવા શક્ય નથી. સપા પ્રમુખે ભાજપ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, જો 2024ની રાજ્યસભા ચૂંટણીમાં ભાજપે 'વોટ ચોરી' કે 'ધારાસભ્ય ચોરી' ન કરી હોત તો તે સમયે પણ સપા પાસે 3 સાંસદ હોત. ઉલ્લેખનીય છે કે તે ચૂંટણી વખતે સપાના 7 ધારાસભ્યો બળવાખોર બન્યા હતા અને ભાજપની તરફેણમાં ક્રોસ વોટિંગ કર્યું હતું. વર્ષ 2024ની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાંથી ભાજપના તમામ 8 ઉમેદવારો જીત્યા હતા, જ્યારે સપા તરફથી જયા બચ્ચન અને



રામજી લાલ સુમન સંસદ પહોંચ્યા હતા. સપાના ત્રીજા ઉમેદવાર આલોક રંજન ક્રોસ વોટિંગના કારણે હારી ગયા હતા. રાજ્યસભા ચૂંટણીમાં મોટો 'સરપ્રાઈઝ' આપવાની વાત વચ્ચે રામગોપાલ યાદવ ઉપરાંત ધનરાજ પરિમલ નથવાણીને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. તેઓ રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના પુત્ર અને રિલાયન્સ ગ્રૂપમાં વરિષ્ઠ અધિકારી છે. સપા દ્વારા તેમને ત્રીજા ઉમેદવાર તરીકે રજૂ કરાતાં અને ભાજપના ધારાસભ્યો સંપર્કમાં હોવાના દાવા બાદ ક્રોસ વોટિંગની ચર્ચાઓ ફરી શરૂ થઈ છે.

## પંજાબમાં અમિત શાહને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

### પોલીસ-સુરક્ષા એજન્સીઓ હાઈ અલર્ટ પર

જાલંધર

જાલંધરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની રેલી પહેલાં બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. સવારે લગભગ 7:07 વાગ્યે એક ઈ-મેલ મોકલવામાં આવ્યો હતો. તેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની રેલી, શાળાઓ, દેવી તળાવ મંદિર અને બસોને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી છે. ઈ-મેલમાં જાલંધરની શાળાઓમાં સવારે 11:11 વાગ્યે, શ્રી દેવી તળાવ મંદિરમાં બપોરે 12:11 વાગ્યે, કોર્ટ પરિસરમાં 2:11 વાગ્યે અને એક કાર્યાલયમાં 3:11 વાગ્યે વિસ્ફોટ કરવાની ધમકીનો ઉલ્લેખ છે. ઈ-મેલમાં દાવો કરવામાં આવ્યો છે કે શાહની રેલીના સ્ટેજની નીચે IED લગાવવામાં આવ્યો છે. આ દરમિયાન જાલંધર પહોંચતા પહેલાં શાહે આમ આદમી પાર્ટી પર પ્રહાર કર્યો. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું_પંજાબમાં AAP સરકારના ખરાબ શાસનને કારણે ડ્રગ્સની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. તેમણે કહ્યું કે પંજાબના લોકો ડ્રગ્સ વિરુદ્ધ નિર્ણાયક લડાઈ લડી રહ્યા છે. ડ્રગ્સને નાબૂદ કરવાના હેતુથી લોકોને એકજૂથ કરવા માટે BJPએ 18 સપ્ટેમ્બરે 'નશામુક્ત પંજાબ યાત્રા' શરૂ કરી હતી. આ યાત્રાના સમાપન પ્રસંગે હું પંજાબના લોકોને રૂબરૂ મળીશ અને ડ્રગ્સની સમસ્યાનો સામનો કરી રહેલા પરિવારોને મળીને તેમનાં દુ:ખ-દર્દ પણ વહેંચીશ.

## બિહારના મોતીહારીમાં 5 હજાર ઘરોમાં પાણી

### 17 જિલ્લાઓમાં પૂરનું એલર્ટ; યુપીની ગલીઓમાં નાવ ચાલી, આંધ્ર પ્રદેશમાં ધુમ્મસ છવાયું

પટના

ગંડક નદીનું જળસ્તર વધતાં પશ્ચિમ ચંપારણ, પૂર્વી ચંપારણ, ગોપાલગંજ,



સારણ, મુઝફ્ફરપુર અને વૈશાલીના નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તેનાથી 20 લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. મોતીહારીમાં 5 હજાર ઘરો પાણીથી ઘેરાઈ ગયા છે. પૂરનાં કારણે 25થી વધુ શાળાઓ બંધ છે. આપત્તિ વ્યવસ્થાપન વિભાગે રાજ્યના 17 જિલ્લાઓમાં પૂરનું એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર પ્રદેશમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ છે.

મુઝફ્ફરનગર અને અલીગઢ સહિત પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાંથી ચોમાસું પાછું ફરી ગયું છે. તેના કારણે પ્રદેશમાં વરસાદ ઓછો થયો છે. ઉન્નાવમાં ગંગાનું જળસ્તર વધતાં ગામો અને મહોલ્લાઓમાં પાણી ઘૂસી ગયું છે. ગલીઓમાં હોડીઓ ચાલી રહી છે. આંધ્ર પ્રદેશના અલ્લૂરી સીતારામ રાજુ જિલ્લામાં આવેલા પાડેરુમાં વરસાદ બાદ અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું છે. તાપમાનમાં પણ ઘટાડો થયો છે. સવારે લોકો હેડલાઈટ ચાલુ કરીને સાવધાનીપૂર્વક વાહન ચલાવી રહ્યા છે.

## NEWS TRACK

### રશિયાનું પરમાણુ હથિયાર લઈ જવામાં સક્ષમ વિમાન ક્રેશ: 6નાં મોતથી ખળભળાટ

રશિયાનો પરમાણુ બોમ્બ લઈ જવામાં સક્ષમ Tu-95 લશ્કરી વિમાન મંગળવારે તાલીમ ઉડાન દરમિયાન ક્રેશ થયું. અકસ્માતમાં 6 ક્રૂ સભ્યોનાં મોત થયા અને એક વ્યક્તિ ઘાયલ થઈ. રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઉડાન ભર્યાના થોડા જ સમય બાદ વિમાન રાજધાની મોસ્કોથી આશરે 4000 કિમી દૂર આવેલા એક નિર્જન વિસ્તારમાં તૂટી પડ્યું. જમીન સાથે અથડાતાં જ વિમાનની ઈંધણ ટાંકીમાં વિસ્ફોટ થયો, જેના કારણે આગ લાગી. આ વિમાન એક વખત હવામાં ઈંધણ ભર્યા વિના આશરે 10,500 કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે. સાથે જ, તે આશરે 9,000 કિલોગ્રામ સુધીનાં હથિયારો લઈ જઈ શકે છે. રશિયન અધિકારીઓએ હજુ સુધી ક્રેશનું ચોક્કસ કારણ જણાવ્યું નથી. જોકે પ્રાથમિક તપાસ મુજબ, આ દુર્ઘટનાનું કારણ વિમાનમાં ઈંધણનો વિસ્ફોટ હોઈ શકે છે. રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, દુર્ઘટનાના સમયે વિમાનમાં કોઈ પરમાણુ હથિયાર કે દારૂગોળો લોડ કરવામાં આવ્યો ન હતો. મામલાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.

### ઈરાને અમેરિકનોને કહ્યું- ટ્રમ્પ વિશ્વાસપાત્ર નથી: મિડટર્મ ચૂંટણી પહેલાં યોગ્ય નિર્ણય લેવા જણાવ્યું

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)એ અમેરિકન મતદારોના નામે 25 પાનાની ચિઠ્ઠી જાહેર કરી છે. તેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પને વિશ્વાસપાત્ર ન ગણાવાયા છે અને અમેરિકન લોકોને વિચારી-વિચાર્યા બાદ નિર્ણય લેવાની અપીલ કરવામાં આવી છે. IRGCની આ ચિઠ્ઠી અમેરિકામાં યોજાનારી મિડટર્મ ચૂંટણીના લગભગ 5 અઠવાડિયા પહેલાં આવી છે. ચૂંટણીમાં અમેરિકન સંસદના બંને ગૃહો માટે મતદાન થાય છે. ચૂંટણીમાં હારથી સંસદમાં ટ્રમ્પની તાકાત ઘટી શકે છે. તેમને પોતાના નિર્ણયો મંજૂર કરાવવા માટે વિપક્ષી પાર્ટીનું સમર્થન લેવું પડી શકે છે. IRGCનો દાવો છે કે આ યુદ્ધમાં અમેરિકા-ઈઝરાયલ દ્વારા સત્તા પરિવર્તન, પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમો ખતમ કરવા જેવા લક્ષ્યો પૂરા થઈ શક્યા નથી. 'ડેથ ટુ અમેરિકા' અમેરિકી જનતા વિરુદ્ધ નથી પત્રમાં કહેવામાં આવ્યું છે કે 'ડેથ ટુ અમેરિકા'નું સૂત્ર અમેરિકાના શાસક વર્ગ અને વ્હાઈટ હાઉસ વિરુદ્ધ છે, સામાન્ય અમેરિકનો વિરુદ્ધ નથી.

# કડી હાઈવે ચાર રસ્તા બન્યા ગુનાખોરી અને બુટલેગરોનો અડ્ડો

## દેશી-વિદેશી દારૂની નદીઓ અને જુગારધામો ધમધમે છે; ખાખીની રહેમનજર સામે પ્રજામાં ભભૂક્યો રોષ! 'પાક્કો ગુજરાત' નો સણસણતો અહેવાલ

કડી

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાઓના માત્ર કાગળ પર દાવાઓ કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ કહાની કહી રહી છે. મહેસાણા જિલ્લાના મહત્વના અને વ્યસ્ત ગણાતા કડી હાઈવે ચાર રસ્તા વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાને વત્તાઓછા અંશે વેચાઈ ચૂકી હોય તેવી અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક હકીકતો સામે આવી છે. કડી હાઈવે ચાર રસ્તાની આસપાસના વિસ્તારોમાં હાલ દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ તેમજ કુખ્યાત જુગારધામો બેફામ રીતે ધમધમી રહ્યા છે, જેના કારણે ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીલા લહેર ઉડી રહ્યા હોવાની પ્રતીતિ થઈ રહી છે.

### કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓનો ત્રાસ: લોકોનું સ્વાસ્થ્ય જોખમમાં

સૂત્રો અને સ્થાનિકોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, કડી પંથકમાં માત્ર વિદેશી દારૂ જ નહીં, પરંતુ ખુલ્લેઆમ કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. આ ઝેરી અને કેમિકલયુક્ત દેશી દારૂનું સેવન કરવાથી ગરીબ અને શ્રમિક વર્ગના લોકોનું સ્વાસ્થ્ય સદંતર બરબાદ થઈ રહ્યું છે. તંત્રની આંખ આડા કાન કરવાની નીતિના કારણે આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવનારા તત્વોના મનોબળ સાતમા આસમાને પહોંચી ગયા છે.

### કડી પોલીસ હપ્તા ઉઘરાવવામાં મસ્ત? એલસીબી અને જિલ્લા પોલીસ વડાની ભૂમિકા શંકાના દાયરામાં

સૌથી મોટો અને ગંભીર સવાલ એ ઉભો થાય છે કે શું સ્થાનિક કડી પોલીસ સ્ટેશન માત્ર હપ્તા ઉઘરાવવામાં જ મસ્ત છે? હાઈવે જેવા જાહેર અને સંવેદનશીલ વિસ્તારમાં આ પ્રકારે દારૂ-જુગારના અડ્ડાઓ બેરોકટોક ચાલતા હોય અને પોલીસને તેની જાણ ન હોય તે કદાપિ શક્ય નથી. સ્થાનિક સ્તરે ચાલતા આ હપ્તાકાંડ અને ભ્રષ્ટાચારના કારણે બુટલેગરો અને જુગારીઓ બેફામ બન્યા છે. એટલું જ નહીં, જિલ્લા સ્તરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને જિલ્લા પોલીસ વડા (SP) ની નજર સામે આ બધું ચાલતું હોવા છતાં કોઈ નક્કર અને કડક કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી પોલીસ પ્રશાસનની નિષ્ક્રિયતા અને મિલીભગત સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

### પ્રજામાં ફેલાયેલો રોષ: વહેલી તકે દરોડા પાડીને સફાઈ કરવાની માંગ

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાના ધજાગરા ઉડાડતા આ કાળા કારોબારો સામે હવે સામાન્ય પ્રજા અને જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જો સમયસર આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ નહીં કસાય અને હપ્તાખોર અધિકારીઓ સામે કડક પગલાં નહીં લેવાય, તો આ મામલે ઉગ્ર લોકઆંદોલન છેડાઈ તેવી પ્રબળ શક્યતા છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## 15 દિવસમાં પડતર પ્રશ્નો ઉકેલો નહીં તો ગાંધી માર્ગે આંદોલન : કર્મચારી સંગઠનોની સરકારને ચીમકી

ગાંધીનગર

ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના ઝડપી નિકાલ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરવામાં આવી છે. કર્મચારી સંગઠનોએ વિવિધ વિભાગોના કર્મચારીઓના પ્રશ્નો અંગે સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો છતાં અનેક મુદ્દાઓ હજુ પડતર હોવાનો ઉલ્લેખ કરી આગામી 15 દિવસમાં યોગ્ય નિરાકરણ નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે.

કર્મચારી સંગઠનોએ ફિક્સ પગારની પ્રથા બંધ કરી હાઈકોર્ટના ચુકાદા મુજબ મૂળ તારીખથી લાભ આપવા તથા જૂની પેન્શન યોજનાનો ઝડપથી અમલ કરવાની માગ કરી છે. આ ઉપરાંત કર્મચારીઓની નોકરીની સુરક્ષા અને સેવા સ્થિરતા માટે નીતિ બનાવવી, લાંબા સમયથી પડતર બઢતીના પ્રશ્નોનો વિભાગવાર નિકાલ કરવો અને ખાલી જગ્યાઓ પર નિયમ મુજબ બઢતી આપવા પણ રજૂઆત કરવામાં આવી છે.

વિવિધ કેડરમાં ખાલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા ઝડપી હાથ ધરી કર્મચારીઓ પરનો વધારાનો કામનો બોજ ઘટાડવા માગ કરાઈ છે. કર્મચારીઓને મળવાપાત્ર પગાર-ભથ્થાં અને અન્ય આર્થિક લાભોના પડતર પ્રશ્નો ઉકેલવા તેમજ બિનસચિવાલય કર્મચારીઓની પગાર વિસંગતતા દૂર કરી 'સમાન કામ, સમાન વેતન'નો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે.

## 6 નાયબ પોલીસ અધિક્ષક (DySP)ને SP કક્ષાની બઢતી:નિવૃત્તિના દિવસે અમદાવાદ ક્રાઈમબ્રાંચના ACP ભરત પટેલને પ્રમોશન

ગાંધીનગર

ગુજરાત સરકારે પોલીસ વિભાગમાં મહત્વનો વહીવટી નિર્ણય લેતાં વર્ગ-1 સંવર્ગના 6 નાયબ પોલીસ અધિક્ષક (DySP) ને પોલીસ અધિક્ષક (SP) વર્ગ-1ની એક્સ કેડર જગ્યાએ In-situ બઢતી આપવાનો આદેશ કર્યો છે. ગૃહ વિભાગ દ્વારા આજે 30 સપ્ટેમ્બર, 2026ના રોજ આ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. સાડા ત્રણ દાયકા સુધી ગુજરાત પોલીસમાં સેવા આપનાર ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલને નિવૃત્તિના દિવસે સરકાર દ્વારા એસપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે. ભરત પટેલ સહિત કુલ છ એસીપીને સરકારે એસપી તરીકે પ્રમોશન આપ્યું છે. આ અધિકારીઓ ઘણા સમયથી પ્રમોશનની રાહ જોઈ રહ્યા હતા.

ગૃહ વિભાગ દ્વારા વિરમગામ એસઆરપી ગ્રુપના એસીપી બાલકૃષ્ણ ચૌબે, સુરત ટ્રાફિક એસીપી મોઈન શેખ, સુરત આઈબીના એસીપી બી.એસ. મોરી, વલસાડ એસીપી એ.કે. વર્મા, ગાંધીનગર પોલીસભવનના એસીપી ડી.પી. ચુડાસમા તથા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલને જે તે સ્થળે જ એસપી તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

## GPSCના ચેરમેન હસમુખ પટેલને હટાવવા સંગઠનની માગ યથાવત : 7+1 નવા સભ્યોની નિમણૂક કરાઇ હતી

ગાંધીનગર

GPSCમાં પારદર્શિતા અને ભરતી પ્રક્રિયામાં ન્યાયની માંગ સાથે છેલ્લા 17 દિવસથી ચાલી રહેલા 'સામાજિક ક્રાંતિ અભિયાન'ને સરકાર દ્વારા GPSCમાં 7+1 નવા સભ્યોની નિમણૂક કરવામાં આવતા આંશિક સફળતા મળી હોવાનું આંદોલનકારીઓએ જણાવ્યું છે. જોકે, GPSCના ચેરમેન હસમુખ પટેલને અધ્યક્ષપદેથી દૂર કરવાની મુખ્ય માંગ હજુ યથાવત રાખવામાં આવી છે. ગુજરાતભરના 29 સંગઠનોના સંયુક્ત જોડાણથી શરૂ કરાયેલા આ આંદોલન દરમિયાન GPSCની ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની માંગ કરવામાં આવી રહી છે. નવા સભ્યોની નિમણૂકને આંદોલનકારીઓએ પ્રથમ ચરણની સિદ્ધિ ગણાવી તેનું સ્વાગત કર્યું છે. આંદોલનકારીઓના જણાવ્યા મુજબ, હસમુખ પટેલના અધ્યક્ષપદ દરમિયાન થયેલી ભરતી પ્રક્રિયાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ચેરમેનને GPSCના અધ્યક્ષપદેથી દૂર કરવાની પણ માગ કરવામાં આવી છે. આ ઉપરાંત ઈન્ટરવ્યૂ પ્રક્રિયામાં ઉમેદવારોને આપવામાં આવતા માર્ક્સ અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવા તથા UPSCની માફક GPSCની ભરતી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની માગ કરાઈ છે.

## હવે સોના-ચાંદીના ઘરેણાં મોંઘા થઈ શકે! ગુજરાતમાં 6 લાખ કારીગરોએ મજૂરીમાં વધારો માગ્યો

ગાંધીનગર

બંગાળી કારીગરો, જે સોના-ચાંદીના ઘરેણાં બનાવવામાં નિપુણ છે, તેઓ હાલ ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત સહિત લગભગ 6 લાખ કારીગરોને મજૂરી 8%થી ઘટીને માત્ર 2% મળતા ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. કારીગરો દ્વારા વેપારીઓ પાસે મજૂરી વધારીને 4% કરવાની માંગ કરાઈ છે, જ્યારે વેપારીઓ ગ્રાહકો પાસેથી 10-18% વસૂલે છે.

સોના-ચાંદીના ઘરેણાં બનાવવાની કલામાં બંગાળી કારીગરો નિપુણ ગણાય છે, પરંતુ વધતી મોંઘવારીના કારણે તેઓ ભારે આર્થિક ભીંસમાં મુકાયા છે. મજૂરી ઘટીને માત્ર 2 ટકા થઈ જવાથી ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે, જેના પગલે કારીગરો દ્વારા વેપારીઓ પાસે મજૂરી વધારીને 4 ટકા કરી આપવાની અપીલ કરવામાં આવી છે.

સોના-ચાંદીના ઘરેણાં બનાવવામાં કુશળ એવા બંગાળી કારીગરો આજની મોંઘવારીના કારણે ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. એક સમય હતો જ્યારે તેમને ઘરેણાં ઘડતરની મજૂરી પેટે 8 ટકા સુધીનું મહેનતાણું મળતું હતું, જે હવે ઘટીને માત્ર 2 ટકા જેટલું થઈ ગયું છે. આટલી ઓછી આવકમાં ઘર ચલાવવું અને બાળકોને શિક્ષણ અપાવવું અત્યંત મુશ્કેલ બન્યું છે.

અમદાવાદના કોટ વિસ્તાર અને ખાસ કરીને ખાડિયામાં ઘરેણાં બનાવવાનું કામ મોટા પ્રમાણમાં ચાલે છે.

### નંદુરબારના નવાપુરમાં જુગારનું મહાસામ્રાજ્ય

# કરોડોના ગેરકાયદે જુગારના અડા પર પોલીસ અને પ્રશાસનની શંકાસ્પદ ચૂપકીદી, ડી-કંપનીનું સંરક્ષણ અને ખુલ્લેઆમ ચાલી રહી છે જુગારની આ ખતરનાક રમત!

નંદુરબાર/ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડર

દેશની આર્થિક રાજધાનીની નજીક અને બે રાજ્યોની સરહદો પર એક એવું કાળું સામ્રાજ્ય ફૂલીફાલી રહ્યું છે, જે ખાકી, કાયદો અને સંવિધાનને ખુલ્લેઆમ ઠેંગા બતાવી રહ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે આવેલા ગૌમુખ ગામથી માંડ ૨ કિલોમીટરના અંતરે આવેલું ખીખડા ગામ (જે નવાપુર પોલીસ સ્ટેશન, જિલ્લા નંદુરબારની હદમાં આવે છે) હાલમાં દેશના સૌથી મોટા ગેરકાયદે જુગાર અને અપરાધના અડા તરીકે પરિવર્તિત થઈ ચૂક્યું છે. અહીંની ભૌગોલિક સ્થિતિનો લાભ લઈને અપરાધોએ એક એવો સુરક્ષિત કિલ્લો બનાવી લીધો છે, જ્યાં કાયદાના હાથ પણ ટૂંકા પડે છે.




### ગુજરાત-મહારાષ્ટ્ર બોર્ડરનો 'ગોલ્ડન ઝોન': જ્યાં પોલીસ લાચાર અને જુગારીઓ રાજા છે!

સૂત્રો પાસેથી મળેલી પાક્કી અને સનસનાટીભરી માહિતી મુજબ, ગૌમુખ ગામથી થોડે જ અંતરે આવેલા આ વિસ્તારમાં 'પપ્પુ, રઈસ શેખ અને સુરજ જયસ્વાલ'ની ત્રિપુટી દ્વારા અત્યંત મોટા પાયે ગેરકાયદે જુગારનો મહા-અડો ચલાવવામાં આવી રહ્યો છે. સ્થિતિ એવી છે કે આ જુગારના અડા પર રોજ લાખો-કરોડો રૂપિયાની હાર-જીત થાય છે.

આ ગેરકાયદે ધંધાના નેટવર્કનું વ્યાપ એટલું મોટું છે કે અહીં માત્ર સ્થાનિક લોકો જ નહીં, પરંતુ ગુજરાત, નાસિક, મધ્ય પ્રદેશ અને આસપાસના દૂર-દૂરના વિસ્તારોમાંથી શાતિર જુગારીઓ અને ગુનેગારો પોતાની કિસ્મત અજમાવવા માટે આવે છે. સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે ગુજરાતના અનેક મોસ્ટ વોન્ટેડ ગુનેગારો પણ બેફામ બનીને આ અડા પર જુગાર રમવા આવે છે, જેને આ સરહદી વિસ્તારમાં પૂરેપૂરું સેફ પેસેજ મળે છે.

### ડી-કંપનીનો છાંયો અને રોજનો 2 લાખ રૂપિયાનો 'પ્રોટેક્શન હપ્તો'!

આ જુગારના સામ્રાજ્યના તાર અંડરવર્લ્ડ સાથે જોડાયેલા હોવાની વાત સામે આવી રહી છે. અત્યંત ગુપ્ત સૂત્રોના હવાલેથી આ વાત બહાર આવી છે કે આ ગેરકાયદે અડાને કુખ્યાત 'ડી-કંપની' (D-Company)નું પ્રત્યક્ષ સંરક્ષણ પ્રાપ્ત છે. આ જુગાર સિન્ડિકેટનો મુખ્ય સંચાલક રઈસ શેખ ડી-કંપનીને આ ગેરકાયદે ધંધાની સુરક્ષા (પ્રોટેક્શન) પેટે રોજના ૨ લાખ રૂપિયાની માતબર રકમ પહોંચાડે છે. આ જ કારણ છે કે આ અડા પર પરિંદો પણ પર નથી મારી શકતો અને મોટા-મોટા તસ્કરો તેમજ ગુનેગારો અહીં કોઈપણ ડર વગર બેખોફ ફરે છે.

### નવાપુર 'સ્વર્ગ': જુગારીઓ માટે દારૂ, ડ્રગ્સ અને દેહવ્યાપારની ફ્રી સુવિધા!

નવાપુર પોલીસ સ્ટેશનની નાક નીચે ચાલી રહેલા આ જુગારના અડાને જુગારીઓ માટે કોઈ 'સ્વર્ગ'થી કમ બનાવવામાં આવ્યો નથી. અહીં આવતા હાઈ-પ્રોફાઈલ જુગારીઓ અને બુકીઓની ખાતરદારીમાં કોઈ કસર છોડવામાં આવતી નથી. જુગાર રમવા આવનારાઓને લલચાવવા માટે ત્યાં દારૂ, ડ્રગ્સ અને છોકરીઓ (અનિયમિત દેહવ્યાપાર) જેવી તમામ ગેરકાયદે સવલતો તદ્દન મફતમાં પૂરી પાડવામાં આવે છે. મોટા-મોટા બુકીઓ અને ડ્રગ્સ ડીલરો આ અડા પર આસાનીથી જોવા મળી જાય છે, જે યુવાધનને નશા અને જુગારની ખાઈમાં ધકેલી રહ્યા છે.

### ખાકીની ભૂમિકા શંકાસ્પદ: એસપીથી લઈને રેન્જ આઈજી સુધી પર 'હપ્તા વસૂલી'ના ગંભીર આક્ષેપો!

સવાલ એ થાય છે કે શું જિલ્લાની પોલીસ અને ગુપ્તચર તંત્રને આ મહા-પાપની ભનક નથી? પરંતુ વાસ્તવિકતા આનાથી ક્યાંય વધુ ડરામણી છે. સૂત્રોનો દાવો છે કે નંદુરબાર જિલ્લાના એસપી (પોલીસ અધિક્ષક) આ સમગ્ર ખેલ પર આંખ આડા કાન કરીને બેઠા છે અને કોઈ નક્કર કાર્યવાહી કરવાનું ટાળી રહ્યા છે. એટલું જ નહીં, રાજ્યના રેન્જ આઈજી સાહેબ પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કે તેઓ માત્ર 'હપ્તા વસૂલી'ના ચક્રવ્યુહમાં વ્યસ્ત છે, જ્યારે જિલ્લાની પોલીસ જુગાર ચલાવનારાઓ સામે સંપૂર્ણપણે નતમસ્તક થઈ ચૂકી છે.

જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝના અગ્રણી દ્વારા આ ગંભીર મામલાની તળસ્પર્શી માહિતી મેળવવા માટે અને સત્ય જાણવા માટે જિલ્લાના એસપીને ફોન જોડવામાં આવ્યો, ત્યારે એસપી મેડમે ફોન ઉઠાવવાની પણ તસ્દી લીધી નહીં! આ આ વાતનો સ્પષ્ટ પુરાવો છે કે પ્રશાસન અને અપરાધીઓની મિલીભગત કઈ હદ સુધી પહોંચી ચૂકી છે. જુગાર ચલાવનારાઓ ખુલ્લેઆમ પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે કે આપણા આ અડા પર કોઈ હાથ નથી લગાવી શકતો, કારણ કે મહિનાના કરોડો રૂપિયાનો હપ્તો ઉપર સુધી પહોંચે છે!

### 'પાક્કો ગુજરાત'ના ખુલાસા પછી પણ સિસ્ટમ ઘસઘસાટ ઊંઘી રહી છે!

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર'ની ટીમ દ્વારા નવાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ (PI) અને એલસીબી (LCB)ને આ ગેરકાયદે ધંધાની પૂરી અને પાક્કી માહિતી લેખિત તથા મૌખિક રીતે આપવામાં આવી હતી. છતાં પણ, સ્થાનિક પોલીસે આજદિન સુધી કોઈ મોટી કે નક્કર રેડ કેમ પાડી નથી? શું પૈસાની ગંધથી પોલીસની આંખો અંધ થઈ ચૂકી છે? શું ખાકીની નિયતમાં ખોટ છે કે પછી તેઓ આ મહાભ્રષ્ટાચારમાં ભાગીદાર છે?

આજે આખા વિસ્તારમાં એ ચર્ચા આમ બની ગઈ છે કે જ્યારે કાયદાના રક્ષકો જ હપ્તા વસૂલીમાં મશગુલ થઈ જાય, ત્યારે સામાન્ય જનતા ન્યાયની આશા કોની પાસે રાખે? શું મહારાષ્ટ્રના યશસ્વી મુખ્યમંત્રી અને ગૃહ વિભાગ આ સનસનાટીભર્યા મામલાની નોંધ લેશે? શું નવાપુરના આ 'ગબ્બરના અડા'ને ધ્વસ્ત કરીને ત્યાંની ભ્રષ્ટ પોલીસ વ્યવસ્થા પર ગાજ પાડવામાં આવશે?

### 'દાદાગીરી વધે ત્યારે કાયદાકીય પગલાં અનિવાર્ય', 10 વર્ષના વિવાદો અને સવાલો વચ્ચે સણસણતો અહેવાલ

# મહિપતસિંહ ચૌહાણનો વિવાદાસ્પદ અંદાજ અને ઘાતક લલકાર

અમદાવાદ

ગુજરાતના રાજકીય, સામાજિક અને પંથકી ક્ષેત્રોમાં પોતાની ધારદાર શૈલી, બેબાક નિવેદનો અને આક્રમક તેવરના કારણે હંમેશાં લાઈમલાઈટમાં રહેનાર અગ્રણી વ્યક્તિત્વ મહિપતસિંહ ચૌહાણે તાજેતરમાં એક અત્યંત ધડાકાભર્યું અને ચર્ચાસ્પદ નિવેદન આપીને ફરી એકવાર ખળભળાટ મચાવી દીધો છે. તેમણે ખુલ્લેઆમ ચીમકી આપી છે કે, જ્યારે સમાજ કે વ્યવસ્થામાં દાદાગીરી, જોહુકમી અને મનમાની હદ વટાવી દે, ત્યારે ચૂપ બેસી રહેવાને બદલે કાયદાકીય પગલાં લેવા અને પોલીસ ફરિયાદ નોંધાવવી અનિવાર્ય બની જાય છે. જોકે, આ નિવેદનની સાથે જ સોશિયલ મીડિયાથી લઈને સામાન્ય જનમાનસમાં એ સવાલ પણ જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે કે, છેલ્લા એક દાયકા એટલે કે પૂરા ૧૦ વર્ષથી મહિપતસિંહ ચૌહાણ અને વિવાદો જાણે એક જ સિક્કાની બે બાજુ કે એકબીજાના પર્યાય




અને સમાનાર્થી કેમ બની ગયા છે? પોતાના લાક્ષણિક અંદાજમાં વિરોધીઓ અને વિવાદોને ખુલ્લો પડકાર ફેંકતા મહિપતસિંહ ચૌહાણે સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે જે લોકો સમાજમાં અશાંતિ ફેલાવવાનું કે દાદાગીરી કરવાનું કામ કરી રહ્યા છે, તેમણે પોતાની આ હરકતો અને મસ્તી છોડીને શાંતિથી જીવવું જોઈએ. સાથે જ તેમણે એવી પણ તાકીદ કરી છે કે જે લોકો જનહિત અને સાચા રસ્તે પોતાના માર્ગ પર અગ્રેસર થઈને કામ કરી રહ્યા છે, તેમને કોઈપણ પ્રકારની અડચણ વગર પોતાનું કામ કરવા દેવું જોઈએ. કાયદો અને વ્યવસ્થાના મુદ્દે હંમેશાં ગળાકાપ તેવર બતાવનાર મહિપતસિંહનો આ લલકાર હાલ રાજ્યભરમાં ચર્ચાના કેન્દ્રસ્થાને છે. જો ભૂતકાળના રેકોર્ડ અને ઘટનાક્રમ પર નજર નાખવામાં આવે તો, છેલ્લા ૧૦ વર્ષના લાંબા સમયગાળા દરમિયાન મહિપતસિંહ ચૌહાણ અને કૃષ્ણપાલસિંહ ચૌહાણ સાથે જોડાયેલા અનેક પ્રકરણો ક્યારેય શાંત નથી રહ્યા. તેઓ અવારનવાર વિવિધ વિવાદોના વંટોળમાં ઘેરાયેલા રહ્યા છે. ક્યારેક તેમના તીખા શબ્દબાણો તો ક્યારેક તેમની દબંગ કાર્યશૈલી વિરોધીઓ માટે મોટો મુદ્દો બની જાય છે. વિરોધી છાવણીના લોકો ભલે તેમને વિવાદોના મહારથી તરીકે ચિત્રિત કરતા હોય, પરંતુ તેમનો એક મોટો વર્ગ અને સમર્થકો હંમેશાં તેમની આ નિડર અને ઘાતક શૈલીને વધાવતા આવ્યા છે.

## છોટાઉદેપુરના ખોસ વસેડી ગામે બાઈક ચોરીનો આતંક : ઘર બહાર પાર્ક કરેલી હોન્ડા સાઈન લાપતા થતાં ચકચાર

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અસામાજિક તત્વો અને ચોરોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો હોવાની વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. છોટાઉદેપુર તાલુકાના ખોસ વસેડી ગામે રાત્રિના સુમારે ઘરની બહાર શાંતિથી પાર્ક કરવામાં આવેલી હોન્ડા સાઈન બાઈક અજાણ્યા તસ્કરો ચોરી કરીને રફુચક્કર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગરીબ કે મધ્યમવર્ગના નાગરિક માટે પરસેવાની કમાણીથી ખરીદેલું વાહન જ રાતોરાત ગાયબ થઈ જતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને ચોરોમાં કાયદાનો કોઈ ડર ન હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ, બાઈક માલિકે પોતાની રોજીરોટી અને આવનજાવન માટે ઉપયોગમાં લેવાતી હોન્ડા સાઈન બાઈક દરરોજની જેમ પોતાના ઘરની બહાર સુરક્ષિત રીતે પાર્ક કરી હતી. પરંતુ મોડી રાત્રે કે વહેલી સવારે




જ્યારે જોવામાં આવ્યું ત્યારે બાઈક પોતાના સ્થાનેથી ગાયબ હતી. આસપાસ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા આખરે બાઈક માલિક દ્વારા સમગ્ર બનાવ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી છે.

# ડભોઈના મુખ્ય માર્ગો પર ગંદકીના સામ્રાજ્યથી લાલઘૂમ થયા મુખ્યમંત્રી

### કાફલો રોકી સ્થળ પર જ RCM અને અધિકારીઓનો લીધો સણસણતો ઉધડો; 'પાક્કો ગુજરાત' નો રુંવાડા ઊભા કરી દેતો અહેવાલ

ડભોઈ

ગુજરાતની પૌરાણિક અને ઐતિહાસિક દર્ભાવતી નગરી એટલે કે ડભોઈમાં વહીવટી તંત્રની નિંભરતા અને ભ્રષ્ટાચારના કારણે કેવી બદતર હાલત સર્જાઈ છે, તેનો અરીસો ખુદ રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ આવી ગયો છે. નર્મદા ડેમ ખાતેનો સત્તાવાર કાર્યક્રમ પૂર્ણ કરીને પરત ફરી રહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો કાફલો જ્યારે ડભોઈ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે મુખ્ય માર્ગો પર ફેલાયેલી ભયંકર ગંદકી અને કચરાના ગંજ જોઈને મુખ્યમંત્રી અચાનક ગાડી રોકાવીને મેદાને ઉતરી ગયા હતા. ગંદકીથી ખદબદતા આ શહેરી દ્રશ્યો જોઈને મુખ્યમંત્રીનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને તેમણે વહીવટી તંત્રની બેદરકારી સામે લાલઘૂમ થઈને આક્રોશ ઠાલવ્યો હતો. મુખ્યમંત્રીએ માત્ર ગાડીમાંથી જોઈને આંખ આડા કાન ન કર્યા, પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા મુખ્ય માર્ગ તેમજ ડભોઈના નાદોદી ભાગોળ સ્થિત પ્રસિદ્ધ દશામાના મંદિર પાસેના વિસ્તારની ખુદ જાતે સ્થળ મુલાકાત લીધી હતી. આ વિસ્તારોમાં જ્યાં



નજર કરો ત્યાં કચરાના ડુંગરો અને ઉભરાતી ગટરોના ગંદા પાણી રસ્તા પર વહેતા જોઈને મુખ્યમંત્રી ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી.

સ્થાનિક નાગરિકો છેલ્લા લાંબા સમયથી આ નરક સમાન જીવંત પરિસ્થિતિ સામે ત્રાસી ગયા હતા અને તંત્ર સામે ભારે રોષે ભરાયા હતા, પરંતુ કુંભકર્ણની નિંદ્રામાં સૂતેલા અધિકારીઓને પ્રજાની વેદના ક્યારેય દેખાઈ ન હતી. સ્થિતિની ગંભીરતા પારખીને મુખ્યમંત્રીએ તાત્કાલિક ધોરણે રિજનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ (RCM) સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને ઘટનાસ્થળે બોલાવી લીધા હતા.

મુખ્ય માર્ગો પર કચરાના ઢગલા અને બેજવાબદાર વહીવટ જોઈને મુખ્યમંત્રીએ RCM તેમજ નગરપાલિકાના તમામ ખાતાના અધિકારીઓને જાહેરમાં આડે હાથ લીધા હતા અને આડેધડ ઉધડો લીધો હતો. સ્વચ્છતાના મોટા દાવા કરતી સરકારમાં અધિકારીઓની આ હીલચાલ અને બેદરકારી હવે સાંખી લેવામાં નહીં આવે તેવી કડક ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે.

### પોરબંદર યુવા ભાજપ ફરી વિવાદના વંટોળમાં

# વડનગરથી વારાણસી બાઈક યાત્રા દરમિયાન કથિત દારૂની મહેફિલ અને મારામારીથી ખળભળાટ

પોરબંદર

ગુજરાતના રાજકારણમાંથી શરમજનક અને હચમચાવી દેતી એક અત્યંત વિવાદાસ્પદ ઘટના સામે આવી છે. 'વડનગરથી વારાણસી' નીકળેલી યુવા ભાજપની બાઈક યાત્રા દરમિયાન પવિત્રતાના દાવાઓ ધૂળમાં મળી ગયા છે અને આ યાત્રા દરમિયાન કથિત દારૂની મહેફિલ જામ્યાની તથા ત્યારબાદ હોબાળો મચી જતાં ખુદ પદાધિકારીઓ વચ્ચે જ ઉગ્ર બોલાચાલી અને મારામારી થયાની ઘટનાએ રાજકીય કોરિડોરમાં ભૂકંપ સર્જ્યો છે. આટલી ગંભીર ઘટનાના વીડિયો અને ચર્ચાઓ સોશિયલ મીડિયા પર વાયરલ થવા છતાં સત્તાવાર રીતે કોઈ કડક કાર્યવાહી ન થતા અને પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ ચેતનાબેન તિવારી દ્વારા રહસ્યમય મૌન ધારણ કરવામાં આવતા અનેક સવાલો ઉભા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ શરમજનક પ્રકરણના પડઘા છેક ગાંધીનગર અને પ્રદેશ કક્ષા સુધી ગૂંજ્યા છે. વિવાદ વણસતા સંડોવાયેલા કેટલાક મુખ્ય પદાધિકારીઓને આકરી નારાજગી વ્યક્ત કરીને ઠપકો અપાયાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે, એટલું જ નહીં પરંતુ મામલો થાળે પાડવા માટે કેટલાક લોકોને રસ્તામાંથી જ પરત મોકલી દેવામાં આવ્યા હોવાની માહિતી પણ સામે આવી રહી છે. સત્તાધારી પક્ષના યુવા નેતાઓની આ હરકતોએ પક્ષની છબીને ખરડવાનું કામ કર્યું છે.



આ સમગ્ર વિવાદાસ્પદ મામલે પોરબંદર જિલ્લા યુવા ભાજપના કેટલાક અગ્રણી ચેહરાઓના નામ ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે: આનંદ નાંઢ (યુવા મહામંત્રી, પોરબંદર જિલ્લા ભાજપ) – જેના વિશે અગાઉ છેતરપિંડી (ચેટિંગ/ફ્રોડ) જેવા ગુનાઓનો ઈતિહાસ પણ ચર્ચાઈ રહ્યો છે. પિયુષ મગરા, મહેશ ગોધાણીયા, જયમલ વિસાણા, કિશન મોઢા, વિરમ ઓડેદરા, જીજ્ઞેશ સનાથરા. આ તમામ નામો સામે આવ્યા બાદ યુવા મોરચાની ગરિમા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

પાક્કો ગુજરાત

ગુરુવાર | 01 ઓક્ટોબર 2026 | અમદાવાદ

## અરબી સમુદ્રમાં 3000 કરોડના ડ્રગ્સની ભયાનક ઝડપ

# એજન્સીઓની મોટી સફળતા છતાં ગુજરાતના શહેરોમાં પહોંચતી લોકલ સપ્લાય ચેઇન કેમ નથી તૂટતી?

અમદાવાદ, પવન મકાન (જર્નાલિસ્ટ)

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ એટલે કે એટીએસ, સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલા અત્યંત ખતરનાક અને સંયુક્ત ઓપરેશનમાં અરબી સમુદ્રમાંથી લક્ષદ્વીપ નજીકથી ૫૨૬ કિલોગ્રામથી વધુનું જંગી હેરોઈન અને મેથાસ્ફેટમાઈન ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય ગેરકાયદે બજારમાં ૩,૦૦૦ કરોડથી પણ વધુની માર્કેટ વેલ્યુ ધરાવતા આ ઘાતક ડ્રગ્સના જથ્થા સાથે ૫ પાકિસ્તાની નાગરિકોની એજન્સીઓ દ્વારા સકંજામાં લઈને અટકાયત કરવામાં આવી છે.




પરંતુ, આટલી મોટી અને ઐતિહાસિક સુરક્ષા સફળતા વચ્ચે પણ એક અત્યંત ગંભીર, સળગતો અને મોટો પ્રશ્નાર્થ ઊભો થાય છે કે આખરે ગૃહ રાજ્ય ગુજરાતના અસુરક્ષિત દરિયાકિનારેથી વારંવાર અબજો રૂપિયાનું ડ્રગ્સ કેમ પકડાય છે? અને જો દરિયામાં માલ પકડાય છે, તો પછી અમદાવાદ, સુરત, વડોદરા કે રાજકોટ જેવા મહાનગરોમાં યુવાધનને બરબાદ કરતી ડ્રગ્સની સ્થાનિક નેટવર્ક ચેઈન એટલે કે લોકલ સપ્લાય ચેઈનને પોલીસ અને સુરક્ષા એજન્સીઓ કેમ સંપૂર્ણપણે અને કાયમ માટે નેસ્તનાબૂદ કરી શકાતી નથી?

આ સળગતા સવાલોના જવાબ શોધવા માટે જ્યારે સુરક્ષા એજન્સીઓના આંતરિક સૂત્રો અને નિષ્ણાતો સાથે વાત કરવામાં આવી, ત્યારે ડ્રગ્સ સિન્ડિકેટ દ્વારા વાપરવામાં આવતી કેટલીક અત્યંત ચતુર અને ચોક્કસ પદ્ધતિઓ સામે આવી, જેને કારણે માત્ર દરિયામાં માલ પકડવાથી જમીન પરની સમગ્ર ચેઈન તોડવી અશક્ય જેવું બની જાય છે: આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓ અને સિંડિકેટના મુખ્ય આકાઓ સમગ્ર નેટવર્કને એકસાથે જોડવાને બદલે તેને અલગ-અલગ અને અસંબંધિત ટુકડાઓમાં વહેંચી નાખે છે. દરિયાઈ માર્ગે પકડાયેલા પાકિસ્તાની ખલાસીઓને માત્ર અને માત્ર ડ્રગ્સનો જથ્થો નિર્ધારિત જીપીએસ કોઓર્ડિનેટ્સ પર પહોંચાડવાનું સીમિત કામ સોંપવામાં આવે છે. તેમની પાસે આગળ જઈને ગુજરાતના અમદાવાદ કે અન્ય કોઈ શહેરમાં આ જથ્થો કઈ વ્યક્તિ અથવા કયા રિસીવર દ્વારા લેવામાં આવનાર હતો તેની કોઈ જ ઓળખ, નામ કે માહિતી હોતી નથી. પરિણામે, સમુદ્રમાં બોટ પકડાતા જ કડી ત્યાં જ તૂટી જાય છે અને સ્થાનિક માફિયાઓ સુધી પહોંચવાનો રસ્તો બંધ થઈ જાય છે. સુરક્ષા એજન્સીઓની સર્વોચ્ચ પ્રાથમિકતા હંમેશાં એ જ હોય છે કે આટલો રાક્ષસી ડ્રગ્સનો જથ્થો કોઈ પણ સંજોગોમાં દેશની પવિત્ર જમીન પર ન ઉતરે. પરંતુ, જ્યારે દરિયામાં જ 'હોટ પર્સ્યુટ' કરીને બોટને આડેધડ પકડી લેવામાં આવે છે, ત્યારે જમીન પર કિનારે માલ રિસીવ કરવા માટે છુપાઈને કે વાટ જોઈને બેઠેલા સ્થાનિક પેડલરો અને ડિસ્ટ્રિબ્યુટરો આખી ઘટનાની ગંધ આવી જતાં જ તરત જ ભૂગર્ભમાં જતા રહે છે અને ગાયબ થઈ જાય છે. એ હકીકત છે કે ગુજરાતના શહેરોમાં પણ ડ્રગ્સની કાળી માંગ વધી છે, પરંતુ ૫૦૦ કિલો કે ૧૦૦૦ કિલો જેટલો અતિશય જંગી જથ્થો માત્ર ગુજરાતના સ્થાનિક વપરાશ માટે ક્યારેય હોતો નથી.

## અંબાજીના મફત જૂતા-લગેજ કેન્દ્રમાં ઉઘરાણી અને કર્મચારીઓની હાજરી અંગે સવાલો

### તંત્રની સામે CCTV કેમેરા હોવા છતાં યાત્રિકો પાસેથી રૂપિયાની વસૂલાત

અંબાજી

યાત્રાધામ અંબાજીમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકોની સુવિધા માટે મુખ્ય ગેટની બાજુમાં મફત જૂતા કેન્દ્ર અને લગેજ કેન્દ્ર ચલાવવામાં આવે છે. આ કેન્દ્ર સવારે 6 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી કાર્યરત રહે છે અને અહીં વર્ગ-4ના આશરે 10થી 15 કર્મચારીઓ ફરજ બજાવતા હોવાનું જણાવાય છે. આ કર્મચારીઓ એજન્સી મારફતે પૂરા પાડવામાં આવે છે અને સમયાંતરે એજન્સી બદલાતી હોવા છતાં કેટલાક કર્મચારીઓ યથાવત રહેતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.જૂતા અને લગેજ કેન્દ્રની દેખરેખ રેવન્યુ વિભાગના અધિકારીઓ દ્વારા રાખવામાં આવતી હોવા છતાં મફત સેવા હોવા છતાં યાત્રિકો પાસેથી 'જે ઈચ્છા હોય તે આપો'ના નામે રકમ લેવામાં આવતી હોય છે.




આ પ્રકારની રકમની દૈનિક અને માસિક વસૂલાત કેટલી થાય છે, તેની કોઈ સત્તાવાર નોંધ થાય છે કે નહીં અને ટ્રસ્ટના અધિકારીઓને તેની જાણ છે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. બીજી તરફ, કેટલાક કર્મચારીઓ નિયમિત રીતે ફરજ પર હાજર રહેતા ન હોવા છતાં સવારે અને સાંજે થમ્બ ઈમ્પ્રેશન દ્વારા હાજરી નોંધાવી અન્યત્ર જતા રહે છે તેમની જગ્યાએ અન્ય વ્યક્તિઓને ફરજ પર રાખવામાં આવે છે,આ મામલે બે કર્મચારીઓ અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. એક ગ્રામ પંચાયતના સભ્ય હોવાની સાથે મંદિર ટ્રસ્ટ સાથે જોડાયેલા હોવાનું જણાવાય છે, જ્યારે બીજો મધ્યાહન ભોજન કેન્દ્રમાં ફરજ બજાવે છે.

## અગોરા મોલ અને વિશ્વામિત્રી દબાણ મહાઘાત

# 1100 કરોડના તોતિંગ માનહાનિ દાવામાં કોંગ્રેસ નેતા નરેન્દ્ર રાવત અને અમી રાવતને અમદાવાદ કોર્ટ તરફથી મોટી રાહત

વડોદરા

વડોદરા શહેરના હાર્દસમા વિસ્તારમાં વહેતી વિશ્વામિત્રી નદીના પવિત્ર પટ અને સંવેદનશીલ કોતરોમાં થયેલા બેફામ ગેરકાયદેસર દબાણો સામે ડર્યા વગર અવાજ બુલંદ કરનારા અગ્રણી કોંગ્રેસ નેતાઓ નરેન્દ્ર રાવત અને અમી રાવતને અમદાવાદની સેશન્સ કોર્ટે એક મોટો અને રાહતદાયક ચુકાદો આપીને ન્યાયની જીત અપાવી છે. વર્ષ ૨૦૧૯થી અવિરતપણે ચાલતી આવતી આ લાંબી અને કઠિન કાનૂની લડતમાં આખરે સત્યનો વિજય થયો છે અને બિલ્ડર લોબી દ્વારા નેતાઓના અવાજને ડામી દેવા માટે કરવામાં આવેલો ૧૧૦૦ કરોડ રૂપિયાનો તોતિંગ અને ખોટો માનહાનિનો દાવો સંપૂર્ણપણે ધૂળમાં મળી ગયો છે. વડોદરામાં અગોરા મોલ અને તેની આસપાસના વિસ્તારમાં વિશ્વામિત્રી નદીના કુદરતી કોતરોમાં અંદાજે ૧ લાખ સ્ક્વેર ફૂટ જેટલી વિશાળ જગ્યા પર ગેરકાયદેસર રીતે દબાણો ખડકી દેવામાં આવ્યા હોવાનો ગંભીર મુદ્દો વર્ષ ૨૦૧૯માં સામે આવ્યો હતો. આ પર્યાવરણીય આપત્તિ અને ગેરકાયદેસર બાંધકામ સામે કોંગ્રેસ નેતા નરેન્દ્ર રાવત અને અમી રાવતે જનહિતમાં અવાજ ઉઠાવ્યો હતો અને વહીવટી તંત્રની મિલીભગત સામે સવાલો ઊભા કર્યા હતા. નદીના અસ્તિત્વને જોખમમાં મૂકતા આ કૌભાંડને ઉજાગર કરવાને બદલે બિલ્ડર દ્વારા ઊંડા કાવતરાના ભાગરૂપે આ નેતાઓ સામે તોતિંગ ૧૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો દાવો ઠોકી દેવામાં આવ્યો હતો, જેથી ભવિષ્યમાં કોઈ પણ નાગરિક કે નેતા આવા દબાણો સામે બોલવાની હિમામત ન કરે.

આ સમગ્ર ચુકાદા બાદ પ્રતિક્રિયા આપતા કોંગ્રેસ નેતા નરેન્દ્ર રાવતે સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો છે કે, વડોદરામાં અવારનવાર સર્જાતી વિશ્વામિત્રી નદીના પૂરની ભયાનક સ્થિતિ અને તંત્રની નિષ્ક્રિયતા સામે જનતાનો અવાજ ઉઠતો અટકાવવા માટે જ આ ડરામણો અને પાયાવિહોણો કેસ કરાયો હતો. બિલ્ડર લોબી અને સત્તાધીશોએ મળીને ઈમાનદાર અવાજોને કાનૂની દબાણ હેઠળ કુચલી નાખવાના હેતુથી આ ષડયંત્ર રચ્યું હતું, પરંતુ ન્યાયતંત્રએ આ તમામ દલીલોને ફગાવી દીધી છે. અમદાવાદ કોર્ટના આ ઐતિહાસિક ચુકાદાથી વડોદરાના રાજકારણમાં અનેક સવાલોના જવાબ મળ્યા છે. આ નિર્ણયે સાબિત કરી દીધું છે કે ધનબળ અને બાહુબળના જોરે ભ્રષ્ટાચાર આચરનારાઓ ગમે તેટલા શક્તિશાળી હોય, પરંતુ જનહિત અને પર્યાવરણની રક્ષા માટે લડતા ઈમાનદાર અને સાચા અવાજોને ક્યારેય દબાવી શકાતા નથી.

# અંકલેશ્વરમાં રાત્રીની ઘરફોડનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો, રૂ.1.20 લાખના મુદ્દામાલ સાથે 18 વર્ષીય આરોપી ઝડપાયો

અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના ઉમિયાનગરમાં તા.19 સપ્ટેમ્બર 2026ની રાત્રે થયેલી ઘરફોડ ચોરીનો ભેદ અંકલેશ્વર શહેર "એ" ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. મકાન નં. એ-10માં ગ્રીલનું તાળું ખોલી ઘરમાં પ્રવેશેલા ચોરે રૂ.50 હજારનો આઈફોન-14 પ્રો, રૂ.30 હજાર રોકડા અને બહાર પાર્ક કરેલી રૂ.70 હજારની ટીવીએસ રાઈડર બાઈક મળી કુલ રૂ.1.50 લાખનો મુદ્દામાલ ચોરી કર્યો હતો. ગુનો નોંધાયા બાદ સર્વેલન્સ સ્ટાફે ઘટનાસ્થળની મુલાકાત લઈ અલગ-અલગ સ્થળોના સીસીટીવી ફૂટેજ મેળવ્યા હતા. સાથે જ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે શંકાસ્પદ ઈસમોની તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે અંદાડા




ખાતે રહેતા ચેતનભાઈ ગોકુળભાઈ રાઠોડને ઝડપી લઈ પૂછપરછ કરતાં તેણે ચોરી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે તેના કબ્જામાંથી ચોરીનો આઈફોન-14 પ્રો મોબાઈલ અને ટીવીએસ રાઈડર મોટરસાઈકલ નંબર GJ16EA2170 મળી કુલ રૂ.1.20 લાખનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. ઝડપાયેલ આરોપી ચેતનભાઈ ગોકુળભાઈ રાઠોડ, ઉંમર 18 વર્ષ 6 માસ, રહે. મકાન નં.563, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, અંદાડા, તા.અંકલેશ્વર, જી.ભરૂચ સામે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાતની પ્રાઇવેટ યુનિવર્સિટીઓ બની ગઇ છે ગબ્બરના અડ્ડા

# વાલીઓની બેફામ લૂંટ સામે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાની આગેવાનીમાં પ્રચંડ વિરોધ અને ચીમકી

ગાંધીનગર

ગુજરાતમાં આજરોજ ઉચ્ચ શિક્ષણનું વ્યાપારીકરણ અને વેપારીકરણ પોતાની ચરમસીમાએ પહોંચી ચૂક્યું છે. શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રને ધંધો બનાવી દેતી ગુજરાતની મોટાભાગની પ્રાઈવેટ યુનિવર્સિટીઓ હવે વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય વાલીઓના આર્થિક શોષણના અડ્ડા બની ગઈ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન એટલે કે યુજીસીના સ્પષ્ટ અને કડક નિયમોને સરેઆમ નેવે મૂકીને ગુજરાતની આ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ દ્વારા મનસ્વી રીતે અલગ-અલગ પ્રકારના છૂપા ચાર્જ, ડોનેશન અને બેફામ ફી ઉઘરાવીને ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે.

આ અત્યંત ગંભીર, સંવેદનશીલ અને લાખો પરિવારના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દે આમ આદમી પાર્ટીના



તેજસ્વી ધારાસભ્ય શ્રી ગોપાલભાઈ ઈટાલિયાએ પ્રાઈવેટ યુનિવર્સિટીઓના સંચાલકોની આડે હાથે લેતા તેમને સીધા અને સચોટ શબ્દોમાં ગબ્બરના અડ્ડા ગણાવ્યા છે.

આ ગંભીર વિષયને લઈને આજે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય શ્રી ગોપાલભાઈ ઈટાલિયાના પ્રચંડ નેતૃત્વ હેઠળ ટેકનિકલ કમિશનર શ્રી દિલીપ રાણાજી સાથે રૂબરૂ અને મહત્વપૂર્ણ મુલાકાત કરવામાં આવી હતી. આ આક્રમક રજૂઆતમાં આમ આદમી પાર્ટીના દિગ્ગજ અગ્રણીઓ, શિક્ષણવિદો અને જાણીતા સામાજિક આગેવાનો પણ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રમુખ અગ્રણી શ્રી જીતેન્દ્ર ઉપાધ્યાય, લોકપ્રિય યુવા નેતા શ્રી યુવરાજસિંહ જાડેજા, યુવા એડવોકેટ શ્રી મેહુલ શ્રીમાળી તેમજ લોકપ્રશ્નો માટે સતત લડતા સામાજિક આગેવાન શ્રી શુભમ ઠાકરે વગેરેએ પણ ઉપસ્થિત રહીને પ્રાઈવેટ યુનિવર્સિટીઓની આ તાનાશાહી અને મનમાની સામે જોરદાર અવાજ બુલંદ કર્યો હતો અને પ્રશાસનને વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર કર્યું હતું.

## ડભોઇ સરિતા બ્રિજ પાસે ખુલ્લેઆમ ખૂની ખેલ

# સામાન્ય બોલાચાલીથી ભડકેલું હિંસક ધીંગાણું, ધોળા દિવસે લોકો પર સામસામે તૂટી પડતા નાસભાગ અને ભારે દહેશત

ડભોઇ

ડભોઈ નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વંઠી રહી હોવાની વધુ એક ગંભીર અને સળગતી ઘટના સામે આવી છે. ડભોઈના વ્યસ્ત અને લોકવસ્તી ધરાવતા સરિતા બ્રિજ ઉતરતા આવેલા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સામાન્ય બાબતે શરૂ થયેલી નજીવી બોલાચાલી જોતજોતામાં લોહીયાળ હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી. ધોળા દિવસે ખુલ્લા રસ્તા પર બે



પક્ષો વચ્ચે છૂટાહાથની રાક્ષસી મારામારી શરૂ થતાં આસપાસના રહીશો, દુકાનદારો અને રાહદારીઓમાં ભારે નાસભાગ, ચીસાચીસ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સરિતા બ્રિજ પાસેની ઝૂંપડપટ્ટીમાં રહેતા કેટલાક શખ્સો વચ્ચે કોઈ સામાન્ય કારણસર શરૂ થયેલી બોલાચાલી ક્ષણભરમાં જ હિંસક સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. આવેશમાં આંધળા બનેલા બંને પક્ષોના લોકો લોખંડના સળિયા, ડંડા કે તલવારો જેવી સામગ્રી સાથે સામસામે આવી ગયા હતા અને એકબીજા પર તૂટી પડ્યા હતા. ભરબપોરે સર્જાયેલા આ હિંસક ધીંગાણાને કારણે રસ્તા પરથી પસાર થતી જનતા જીવ બચાવીને ભાગવા મજબૂર બની હતી અને ડભોઈમાં થોડીવાર માટે અરાજકતાનો માહોલ સર્જાઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા પોલીસ કંટ્રોલ રૂમને ત્વરિત સૂચના આપવામાં આવી હતી.

# સહકારી ક્ષેત્રમાં ભાજપની તાનાશાહી સામે કોંગ્રેસનું રણશિંગુ: મુદત પૂરી થયેલી GSC અને DCCB બેંકોમાં વહીવટદાર મુકવા ગાંધીનગરમાં ધમાકો

ગાંધીનગર

ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર, મનમાની અને લોકશાહીના ઘાણ વાળી રહેલા ભાજપ સરકારના વહીવટ સામે કોંગ્રેસ પક્ષે આક્રમક તેવર અપનાવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિતભાઈ ચાવડા તેમજ વિરોધ પક્ષના નેતા અને ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીની રાહબરી હેઠળ કોંગ્રેસના શક્તિશાળી પ્રતિનિધિ મંડળે ગાંધીનગર ખાતે રાજ્યના સહકારી મંડળીઓના રજિસ્ટ્રારશ્રીને ઘેરાઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને સણસણતું આવેદનપત્ર સુપ્રત કર્યું છે. સહકારી ક્ષેત્રને પોતાના અંગત પક્ષના અડ્ડા બનાવી ચૂકેલા શાસકો સામે કોંગ્રેસે આરપારની લડાઈનું એલાન કરી દીધું છે. કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સરકાર પર પ્રહાર કરતા આડેહાથ લીધા હતા કે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક (GSC) તેમજ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક (ADC) સહિત રાજ્યની આશરે ૧૨ જેટલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCB)–જેમાં જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, કોડીનાર, વડોદરા, અમરેલી, સુરત, જામનગર, ભરૂચ, મહેસાણા અને કચ્છનો સમાવેશ થાય છે–તેમની વ્યવસ્થાપક સમિતિની મુદત ક્યારનીય પૂરી થઈ ચૂકી છે. આ ઉપરાંત આગામી બે મહિનામાં વધુ ૪ બેંકોની મુદત પૂરી થવાની છે.

કાયદો કહે છે કે મુદત પૂરી થાય તે પહેલા ચૂંટણી થવી જોઈએ, પરંતુ ભાજપના પેટનું પાણીય સરતું નથી. અમિત ચાવડાએ માંગ કરી છે કે જ્યાં મુદત પૂરી થઈ ગઈ છે ત્યાં તત્કાલ વહીવટદાર નીમવામાં આવે અને તમામ બેંકોની પારદર્શક ચૂંટણીઓ જાહેર કરવામાં આવે. વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ કડક શબ્દોમાં આક્ષેપ કર્યો છે કે છેલ્લા ૧૫ વર્ષથી વધુ સમયથી અમદાવાદ DCCB ની ચૂંટણી માત્ર કોર્ટ કેસ અને વિવાદોના નામે અટકાવી દેવામાં આવી છે.

## વડોદરાના જ્યુબિલી બાગ પાસે ભૂવો પડતા હાહાકાર

# વિકાસના નામે ચાલતા વાયદાઓની પોલ ખુલી, મોતના કુવા સમાન બનેલા રસ્તા સામે લોકોમાં ભીષણ રોષ!

વડોદરા

ઓલ્ટ બાલાજી અને ઉલ્લુ એપ્લિકેશન દ્વારા અનેક એવા શૉ કરી ચૂકેલી બોલ્ડ ઈન્ડસ્ટ્રીની હોટગર્લ સુહાના ખાનને ખાસ કોઈ ઓળખની જરૂર નથી. પોતાના સોશિયલ મીડિયા પર એકથી એક ચડિયાતા બોલ્ડસીનના ફોટો-વીડિયો પોસ્ટ કરીને તે પોતાનો અલગ ચાહકવર્ગ ધરાવે છે. બોલ્ડ ઈન્ડસ્ટ્રી અને બિન્દાસ્ત હોટ પોઝ આપતી એક્ટ્રેસ હવે એક મોટા પ્રોજેક્ટ સાથે જોડાવવા માટે જઈ રહી છે. પણ એવું કહેવામાં આવે છે કે તે બોલ્ડ ઈન્ડસ્ટ્રીમાં પોતાના દમ પર અને શરતો પર કામ કરે છે. ખાસ કરીને કેટલાક વીડિયો અને ફોટોને લઈ તે પહેલાથી જ કેટલીક ચોખવટ કરીને પ્રોજેક્ટ સાઈન કરે છે. પોતાના એક પોડકાસ્ટમાં બોલ્ડ ઈન્ડસ્ટ્રીમાં કામને લઈ પોતાનો અનુભવ શૅર કર્યો હતો. એક્ટ્રેસે જણાવ્યું હતું કે, શરૂઆતમાં મને થોડું અસહજ લાગતુ, ઘણીવાર એવું બન્યું કે, શુટિંગ પૂરૂ થાય ત્યારે આંખમાંથી આંસુ નદીમાં વહેતા પાણીની જેમ જતા હોય. હું ઘણી બ્લેક હતી, મારો સ્કિન ટોન બ્લેક હતો, શુટિંગ ખતમ થયા બાદ અલગ ફીલ આવતી. ખરાબ વાતાવરણ પણ રહ્યું હતું. એ સમયે શું શું ફીલ કરતી એ અંગે હું કંઈ ખાસ વાત તો કરી નહીં શકું. રાત્રીના 3 વાગ્યે શુટિંગ હતું, લોકેશન પણ સારૂ હતું પણ બધા પોઢી ગયા હતા એટલે ખાસ કોઈ વાંધો ન આવ્યો. તમે જ્યારે એકલા હોવ છો ત્યારે તમને કેટલીક વસ્તુનો અંદાજ આવી જાય છે. કેટલી વસ્તુ ઓટોમેટિક ફીલ થાય છે.શુટિંગ શરૂ થયા એના થોડ સમયમાં હું નોર્મલ થઈ ગઈ હતી.

હવે ઈન્ડસ્ટ્રીમાં આવી જ ગયા છીએ તો કરી પણ શું શકીએ?બોલ્ડ ઈન્ડસ્ટ્રીમાં કોઈ ખાસ 'કોમ્પ્રોમાઈસ' કરવું જરૂરી નથી. અહીંયા કોઈ કોઈને જોતું નથી અને જજ કરતું નથી.



# માતા બન્યાના બે મહિના બાદ જિમમાં જોવા મળી કરિશ્મા તન્ના

### કરિશ્માએ નવી માતાઓને પોતાને લઈને અપરાધભાવ ન રાખવાની સલાહ પણ આપી હતી

મુંબઈ

માતા બન્યા બાદ વજન ઘટાડવાનું મુશ્કેલ બની જાય છે, પરંતુ એક્ટ્રેસ સ્ટ્રિક્ટ ડાયટ અને વર્કઆઉટના અમુક જ મહિનાઓમાં સ્લિમ દેખાવા લાગે છે. અભિનેત્રી કરિશ્મા તન્નાએ બે મહિના પહેલા જ દીકરા વેદને જન્મ આપ્યો છે ત્યાર બાદ અભિનેત્રી સતત પોતાના અનુભવ ચાહકો સાથે શેર કરી કર્યાં હતા. હવે એક્ટ્રેસ ધીમે ધીમે પોતાની ફિટનેસ તરફ પરત ફરી રહી છે. તે પોતાના માટે સમય કાઢી રહી છે.

કરિશ્મા તન્નાએ માતા બનવાનો અનુભવ શેર કરતા લખ્યું કે, 'માતા બનવાથી તમારી દિનચર્યા સંપૂર્ણપણે બદલી શકે છે. સૂવાના સમયથી લઈ જમવાથી લઈને પોતાના માટે થોડો સમય કાઢવા સુધી. પરંતુ આ બધા વચ્ચે તમારે તાલમેલ બેસાડવો પડે છે. કરિશ્મા તન્નાએ જિમ જતા અને વર્કઆઉટ કરતા સેશનની ઝલક બતાવી હતી. કરિશ્માના વર્કઆઉટની શરૂઆત સ્પિન બાઈક પર કાર્ડિયોથી થઈ હતી. ત્યારબાદ તેણે રિંગ રોઝ અને ડમ્બેલ્સ સાથે સ્ટ્રેન્થ એક્સરસાઈઝ કરી હતી. વીડિયોમાં તે વેઈટેડ વોલ સિટ કરતી પણ જોવા મળે છે. વર્કઆઉટ પૂરું થયા બાદ કરિશ્મા આઈસ્ડ કોફીનો આનંદ લેતી જોવા મળી હતી. આ સમગ્ર રૂટિનથી તે માતા બન્યા બાદ પોતાની દિનચર્યામાં ધીમે-ધીમે ફિટનેસ માટે સમય કાઢી રહી હોવાનું જોવા મળે છે. માતૃત્વ બાદના આ સમયગાળા દરમિયાન કરિશ્મા માત્ર શારીરિક જ નહીં, પરંતુ ભાવનાત્મક પડકારો અંગે પણ ખુલીને વાત કરી ચૂકી છે. અગાઉ એક ઈન્ટરવ્યૂ સાથેની વાતચીતમાં તેણે વેદના જન્મ બાદ પોસ્ટપાર્ટમ ડિપ્રેશનમાંથી પસાર થવાનો અનુભવ શેર કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે પ્રસૂતિ બાદ લાગણીઓમાં ખૂબ મોટા ઉતાર-ચઢાવ અનુભવાયા હતા અને ઘણી વખત નાની-નાની બાબતો પર પણ રડવું આવી જતું હતું. કરિશ્માએ નવી માતાઓને પોતાને લઈને અપરાધભાવ ન રાખવાની સલાહ પણ આપી હતી. તેના જણાવ્યા પ્રમાણે, દરેક માતા પોતાના અને પોતાના બાળક માટે જે કરી રહી છે તે યોગ્ય છે અને પોતાની જાતને સતત જજ કરવાની જરૂર નથી.





# રાજકુમાર રાવની 'પ્રહાર'માં જોવા મળશે ઉજ્જવલ નિકમની સ્ટોરી

### મુંબઈ માટે 26.11 માત્ર કોઇ તારીખ નથી પણ એ ઘટનાની દર્દભરી દાસ્તાન છે જેમાં મુંબઈના બહાદૂર પોલીસ ઓફિસર અને કર્મચારીઓએ શહીદી વહોરી લીધી

મુંબઈ

મહારાષ્ટ્રના મહાનગર મુંબઈમાં 26.11ના દિવસે શિવાજી મહારાજ ટર્મિનસ પર થયેલા હુમલાને લઈને એક ફિલ્મ બની છે. હકીકતમાં આ ફિલ્મ મહારાષ્ટ્રના જાણીતા વકીલ ઉજ્જવ નિકમ પર કેન્દ્રીત છે, જે ત્રાસવાદી હુમલામાં જીવતા પકડાયેલા આતંકી કસાબને ફાંસીના દોરડા સુધી ખેંચી જાય છે. સમગ્ર ફિલ્મમાં કાયદાકીય લડાઈ અને કસાબના વલણની વાતનું ફિલ્માંકન કરવામાં આવ્યું છે. મુંબઈમાં આ ફિલ્મનું એક ધમાકેદાર ટ્રેલર લૉંચ કરવામાં આવ્યું હતું, જેમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ખાસ હાજરી આપી હતી. એટલું જ નહીં વકીલ ઉજ્જલ નિકમ પણ ખાસ હાજર રહ્યા હતા. ટ્રેલર લૉંચનું સ્થળ પણ CST સ્ટેશન પસંદ કરવામાં આવ્યું હતું. આ જગ્યાની પસંદગી કરવા પાછળનું એક કારણ માત્ર મુંબઈની ઓળખ જ નહીં પણ એ આતંકી હુમલાની યાદ પણ છે.

મુંબઈ માટે 26.11 માત્ર કોઈ તારીખ નથી પણ એ ઘટનાની દર્દભરી દાસ્તાન છે જેમાં મુંબઈના બહાદૂર પોલીસ ઓફિસર અને કર્મચારીઓએ શહીદી વહોરી લીધી. ડરની સામે હિંમત અને ઝનૂન સામે નુકસાનીની વાત કહે છે. એ દિવસની રાત્રે મુંબઈનવાસીઓ ક્યારેય નહીં ભૂલી શકે. એ રાત્રે આતંકીઓ તો માર્યા ગયા પણ એક લડાઈ કાયદાના મેદાનમાં શરૂ થઈ ગઈ. જેમાં આતંકી તરીકે અજમલ કસાબને કાયદાકીય રીતે પાઠ ભણાવવાની વાત હતી. આખરે કોર્ટરૂમમાં શું થયું એનું ફિલ્માંકન કરાયું છે. આ લડાઈમાં યોદ્ધા તરીકે જે વ્યક્તિ હતા. ફિલ્મ 'પ્રહાર' ની સ્ટોરી આના પર આધારિત છે. એક સરકારી વકીલની સાર્વજનિક છબીથી પણ આગળ એક વ્યક્તિની કાયદાકીય લડાઈ દર્શાવવામાં આવી છે. મજબૂત ઈરાદા, લડી લેવાની હિંમત, મજબૂત મનોબળ અને સતત પ્રયાસની આખી દાસ્તાન છે.

# 'કોફી વિથ કરણ' સફરનો અંત: 22 વર્ષ બાદ કરણ જોહરે કરી શોની છેલ્લી સિઝનની જાહેરાત

મુંબઈ

બોલીવુડના કલાકારોના સંબંધો, લિંકઅપ્સ, બ્રેકઅપ્સ, લગ્ન અને અનેક ચર્ચાસ્પદ ખુલાસાઓ માટે જાણીતો લોકપ્રિય ચેટ શો 'કોફી વિથ કરણ' હવે અંતિમ પડાવ પર પહોંચી ગયો છે. હોસ્ટ અને ફિલ્મમેકર કરણ જોહરે સીઝન-9ને શોની છેલ્લી સિઝન તરીકે જાહેર કરી છે. 22 વર્ષના લાંબા સફર દરમિયાન શોની 8 સીઝન અને 161 એપિસોડ પ્રસારિત થઈ ચૂક્યા છે. હવે અંતિમ સીઝનનો પ્રીમિયર 14 ઓક્ટોબરથી ઓટીટી પર જોવા મળશે. કરણ જોહરે સોશિયલ મીડિયા પર શેર કરાયેલા એક વીડિયોમાં આ જાહેરાત કરી છે. વીડિયોમાં તે ભાવુક જોવા મળે છે અને હાથમાં શોનો જાણીતો 'કોફી મગ' લઈને અત્યાર સુધીની સફરને યાદ કરી હતી અને તેણે કહ્યું હતું કે આ માત્ર કોઈ પ્રોફેશનલ જાહેરાત નથી, પરંતુ તેના મનની વાત છે. કરણે ખાસ કરીને પોતાના પિતા યશ જોહર અને શોની શરૂઆતના દિવસોને યાદ કર્યા હતા. કરણના જણાવ્યા અનુસાર, જૂન 2004માં તેણે પોતાના પિતાને કહ્યું હતું કે તે એવો ટોક શો હોસ્ટ કરવા માગે છે, જેમાં બે કલાકારને બોલાવીને તેમની સાથે અનૌપચારિક વાતચીત કરવામાં આવે છે, પરંતુ એ જ મહિનાની 26 જૂને યશ જોહરનું નિધન થયું હતું. ત્યાર બાદ 16 ઓગસ્ટ 2004ના કરણે શોના પ્રથમ એપિસોડનું શૂટિંગ કર્યું હતું. આજે 22 વર્ષ, 8 સિઝન અને 161 એપિસોડ બાદ તે આ શોને અલવિદા કહી રહ્યો છે. 'કોફી વિથ કરણ'ની સફર માત્ર ગ્લેમર અને મનોરંજન પૂરતી મર્યાદિત રહી નથી. શો સાથે અનેક વિવાદો પણ જોડાયા હતા. કરણે ખુદ સ્વીકાર્યું કે તેને આ શોના કારણે જીવનભરની મિત્રતા, પ્રેમ અને યાદો મળી, પરંતુ સાથે 'નેપોટિઝમ' જેવા મુદ્દાઓને લઈને સતત ચર્ચા અને ટ્રોલિંગનો સામનો પણ કરવો પડ્યો હતો.



### શુભમન ગિલે 816 પોઇન્ટ સાથે નંબર-1 સ્થાન જાળવી રાખ્યું છે

# ICC ODI રેન્કિંગમાં કોહલીની લાંબી છલાંગ, સીધો નંબર-2 પર કબજો



તિરુવનંતપુરમ

તિરુવનંતપુરમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં વિસ્ફોટક સદી ફટકારીને ટીમને ભવ્ય જીત અપાવનાર ભારતીય ક્રિકેટ ટીમના રન મશીન વિરાટ કોહલીને ICC દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની ODI રેન્કિંગમાં જબરદસ્ત ફાયદો થયો છે. વન-ડે કરિયરની 55મી સદી ફટકારવાની સાથે જ કોહલીએ ICC રેન્કિંગમાં મોટી છલાંગ લગાવીને સીધું બીજું સ્થાન હાંસલ કરી લીધું છે. બીજી તરફ, વેસ્ટ ઈન્ડિઝ સામે 110 રનની શાનદાર ઈનિંગ રમનાર ભારતીય કેપ્ટન શુભમન ગિલ 816 રેટિંગ પોઈન્ટ્સ સાથે વન-ડે રેન્કિંગમાં નંબર-1 ના સ્થાન મજબૂતીથી જાળવી રાખ્યું છે.

ડેરિલ મિશેલને પછાડી વિરાટ બીજા સ્થાને: જુલાઈ 2022 પછી સર્વોચ્ચ રેટિંગ

વેસ્ટ ઈન્ડિઝ સામે માત્ર 88 બોલમાં 139 રનની અણનમ અને તૂફાની ઈનિંગ રમનાર વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડના ડેરિલ મિશેલને પાછળ છોડી દીધો છે. આ શાનદાર પ્રદર્શનના જોરે વિરાટના રેટિંગ પોઈન્ટ્સ વધીને 796 થઈ ગયા છે. જુલાઈ 2022 પછી પ્રથમ વાર વિરાટ કોહલી આટલા ઊંચા રેટિંગ પોઈન્ટ્સ સુધી પહોંચવામાં સફળ રહ્યો છે. હવે તે નંબર-1 પર રહેલા શુભમન ગિલથી બહુ દૂર નથી.

ચાઈનામેન સ્પીનર કુલદીપ યાદવ ટોપ-5 માં સામેલ

માત્ર બેટિંગ જ નહીં, પરંતુ બોલિંગ રેન્કિંગમાં પણ ભારતીય ખેલાડીઓનો ડંકો વાગ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ વન-ડેમાં 4 વિકેટ ઝડપનાર ચાઈનામેન સ્પીનર કુલદીપ યાદવ ને રેન્કિંગમાં બંપર ઈનામ મળ્યું છે. કુલદીપ 4 સ્થાનની લાંબી છલાંગ લગાવીને સીધો પાંચમા સ્થાને પહોંચી ગયો છે. આ ઉપરાંત સાઉથ આફ્રિકાના ડાબોડી સ્પીનર કેશવ મહારાજ પણ 3 સ્થાનના સુધારા સાથે ત્રીજા સ્થાને પહોંચ્યો છે.

## ભારત સામેની મેચમાં વેસ્ટ ઈન્ડિઝે રચ્યો ઈતિહાસ

ગુવાહાટી

ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત સામે રમાઈ રહેલી બીજી વન-ડે મેચમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે વિસ્ફોટક બેટિંગ કરીને 5 મોટા ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. ત્રણ મેચની શ્રેણીની પ્રથમ વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝનો પરાજય થયો હતો, પરંતુ બીજી મેચમાં કેરેબિયન ટીમે શ્રેણી 1-1થી બરાબર કરવાના મક્કમ ઈરાદા સાથે શરૂઆતથી જ દબદબો બનાવી દીધો હતો. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતાં વેસ્ટ ઈન્ડિઝે 50 ઓવરમાં 7 વિકેટે 405 રન ખડકી દીધા હતા અને 1983ના જમશેદપુર ખાતે નોંધાયેલા 333/8 રનના 43 વર્ષ જૂના રેકોર્ડને તોડીને ભારત સામે પોતાનો સર્વોચ્ચ વન-ડે ટીમ સ્કોર નોંધાવ્યો હતો.

1 ભારત સામે વેસ્ટ ઈન્ડિઝનો સર્વોચ્ચ વન-ડે સ્કોર: વેસ્ટ ઈન્ડિઝે 1983માં જમશેદપુર ખાતે બનાવેલા 333/8 રનનો 43 વર્ષ જૂનો રેકોર્ડ તોડીને ભારત સામે 50 ઓવરમાં 7 વિકેટે 405 રન સાથે પોતાનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો.

2 એક જ ઈનિંગ્સમાં ત્રણ સદી: વેસ્ટ ઈન્ડિઝના ઈતિહાસમાં સૌપ્રથમ વખત એક જ વન-ડે ઈનિંગ્સમાં 3 બેટર્સ (જ્હોન કેમ્પબેલ, શાઈ હોપ અને અમીર જાંગૂ)એ સદી ફટકારી. વિશ્વ ક્રિકેટમાં પણ આવી ઘટના માત્ર છઠ્ઠી વખત બની છે. અગાઉ વેસ્ટ ઈન્ડિઝ તરફથી ભારત સામેની મેચમાં એક મેચમાં સૌથી વધુ ખેલાડીએ સદી ફટકારી હોય તેવી બે ઘટના બની છે, તેમાં 1983માં એક મેચમાં ગોર્ડન ગ્રીનિજ (115) અને વિવ રિચર્ડ્સ (149) તે પછી 2019માં શાઈ હોપ (102) અને શિમરોન હેટમાયરે (139) સદી ફટકારી હતી.

## ઝહીર ખાનની ભલામણ પર મળી જવાબદારી

# IPL નો સ્ટાર બોલર જ બન્યો CSKનો બોલિંગ કોચ




નવી દિલ્હી

ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) એ IPL 2027 પહેલા પોતાના કોચિંગ સ્ટોફમાં મોટો ફેરફાર કર્યો છે. પૂર્વ ફાસ્ટ બોલર મોહિત શર્માને ટીમનો નવો બોલિંગ કોચ બનાવવાનું નક્કી છે. તેમની નિમણૂકની ભલામણ નવા હેડ કોચ ઝહીર ખાને કરી છે. CSKના CEO કાશી વિશ્વનાથને પણ આ નિર્ણયની પુષ્ટિ કરી છે. મોહિત શર્મા આ ભૂમિકામાં એરિક સિમન્સનું સ્થાન લેશે. ઝહીર ખાનને તાજેતરમાં જ સ્ટીફન ફ્લેમિંગની જગ્યાએ CSKના નવા હેડ કોચ બનાવવામાં આવ્યા છે. હવે ઝહીર પોતાની પસંદગીનો સપોર્ટ સ્ટાફ તૈયાર કરી રહ્યો છે અને મોહિત તેના કોચિંગ સેટઅપમાં સામેલ થનારું પહેલું પ્રમુખ નામ છે. CSK માટે પહેલા રમી ચૂક્યો છે મોહિત. મોહિત શર્માનો ચેન્નઈ સુપર કિંગ્સ સાથે જૂનો સંબંધ રહ્યો છે. તેણે ટીમ માટે બે અલગ-અલગ કાર્યકાળમાં કુલ ચાર IPL સીઝન રમી અને 48 મેચોમાં 58 વિકેટ ઝડપી છે. IPLમાં તેનો શાનદાર દેખાવ 2014માં જોવા મળ્યો હતો, જ્યારે તેમણે CSK તરફથી 16 મેચોમાં 23 વિકેટ લઈને પર્પલ કેપ જીતી હતી. મોહિતે પોતાની IPL કરિયરમાં કુલ 120 મેચ રમી અને 134 વિકેટ હાંસલ કરી છે. ગુજરાત ટાઈટન્સ સાથે પણ તેનું પ્રદર્શન પ્રભાવશાળી રહ્યુ હતું. 2023માં તેણે GT માટે 14 મેચોમાં 27 વિકેટ ઝડપી હતી.

ટીમ ઈન્ડિયા માટે રમી ચૂક્યા છે આટલી મેચ. મોહિત શર્માએ ભારત માટે 26 વનડે અને 8 T20 ઈન્ટરનેશનલ મેચ રમી છે. તે 2015 વન-ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો હિસ્સો પણ હતો. તેણે ડિસેમ્બર 2025માં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી.

# ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર તરીકે ઓઝાનું નામ ચર્ચામાં

### ન્યુઝીલેન્ડ પ્રવાસ અને 2027 વર્લ્ડ કપની તૈયારીઓ પર બેઠકમાં મંથન થયું




મુંબઈ

ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર અજિત અગરકર 4 ઓક્ટોબરે પદ છોડશે. તેમના સ્થાને પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝા નવા ચીફ સિલેક્ટર બની શકે છે. ગુવાહાટીમાં ગૌતમ ગંભીર સાથેની બેઠકમાં અગરકર ગેરહાજર રહેતા, ઓઝાની નિમણૂકની ચર્ચાએ જોર પકડ્યું છે. ન્યુઝીલેન્ડ પ્રવાસ અને 2027 વર્લ્ડ કપની તૈયારીઓ પર બેઠકમાં મંથન થયું. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની સિલેક્શન કમિટીમાં મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર અજિત અગરકરનો કાર્યકાળ 4 ઓક્ટોબરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. અગરકરે આ પદ પર આગળ ચાલુ ન રહેવાના પોતાના નિર્ણય અંગે બોર્ડને પહેલેથી જ જાણ કરી દીધી છે. અગરકરના સ્થાને હવે પૂર્વ ભારતીય સ્પિનર પ્રજ્ઞાન ઓઝા ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર બની શકે છે. હાલમાં ઓઝા ચાર સભ્યોની સિલેક્શન કમિટીના વચગાળાના વડા તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. 29 સપ્ટેમ્બરના રોજ ગુવાહાટી ખાતે ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર અને પસંદગીકારો વચ્ચે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજ્ઞાન ઓઝા ઉપરાંત શિવ સુંદર દાસ, અજય રાત્રા અને આરપી સિંહ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, વર્તમાન ચીફ સિલેક્ટર અજિત અગરકર આ બેઠકમાં હાજર રહ્યા નહોતા. અગરકરની ગેરહાજરી અને ઓઝાની અગ્રણી ભૂમિકાને કારણે ઓઝા જ કાયમી ચીફ સિલેક્ટર બનશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. આ બેઠકમાં આગામી ન્યુઝીલેન્ડ પ્રવાસ માટે ખેલાડીઓની પસંદગી અને ટીમ કોમ્બિનેશન અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી: ન્યુઝીલેન્ડ ટૂર: ભારત 22 ઓક્ટોબરથી 5 T20 મેચ, 4 નવેમ્બરથી 5 વનડે અને 19 નવેમ્બરથી 2 ટેસ્ટ મેચ રમશે. ઈન્ડિયા-A: આ ઉપરાંત ઈન્ડિયા-A ટીમ પણ ન્યુઝીલેન્ડમાં 3 ટેસ્ટ મેચ રમવાની છે.



### બિઝનેસ કંપનીઓ માટે નવો નિયમ લાગુ

# હવે WHATSAPP પર મેસેજ મોકલવા પર ચાર્જ લાગશે



મુંબઈ

1 ઓક્ટોબરથી વોટ્સએપ બિઝનેસ પ્લેટફોર્મ પર કંપનીઓ તરફથી ગ્રાહકોને મોકલવામાં આવતા મેસેજ પર ચાર્જ લાગશે. હાલમાં ગ્રાહકના પૂછપરછવાળા મેસેજ પછી 24 કલાક સુધી કંપનીઓ મફતમાં જવાબ મોકલી શકે છે. હવે આ સમયગાળામાં મોકલવામાં આવતા દરેક સેવા મેસેજ પર અલગથી ચાર્જ લાગશે. ઓર્ડરની પુષ્ટિ અને ડિલિવરી અપડેટ જેવા મેસેજઓ પણ મફત રહેશે નહીં. દરેક બિઝનેસ નંબરને મહિનામાં પ્રથમ 1,000 સર્વિસ મેસેજ મફતમાં મળશે. ત્યારબાદ કર્મચારી અથવા ચેટબોટ દ્વારા મોકલવામાં આવતા દરેક મેસેજ પર ચાર્જ લાગશે. ગ્રાહક તરફથી કંપનીને મોકલવામાં આવતા મેસેજ પર કોઈ ચાર્જ લાગશે નહીં. સામાન્ય વોટ્સએપ અને નાના વ્યવસાયો માટે બનાવવામાં આવેલી મફત વોટ્સએપ બિઝનેસ એપ પર આ નિયમ લાગુ નહીં થાય. કંપનીઓએ 30 સપ્ટેમ્બર સુધીમાં પોતાના અકાઉન્ટમાં ચુકવણીની રીત ઉમેરવી પડશે. આમ નહીં કરવામાં આવે તો 1 ઓક્ટોબરથી તેમના સર્વિસ મેસેજની ડિલિવરી અટકાવી દેવામાં આવશે. 1 ઓક્ટોબર 2026થી કંપનીઓ દ્વારા વોટ્સએપ બિઝનેસ પર મોકલવામાં આવતા કેટલાક સર્વિસ મેસેજ પેઈડ થઈ જશે. એટલે કે કંપનીઓએ આવા મેસેજ મોકલવા માટે વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાને ફી ચૂકવવી પડશે. કેટલાક નોન-ટેમ્પલેટ સર્વિસ મેસેજ અને 24 કલાકની કસ્ટમર સર્વિસ વિન્ડો દરમિયાન મોકલવામાં આવતા કેટલાક યુટિલિટી મેસેજ માટે કંપનીઓ પાસેથી કોઈ ફી લેવામાં આવતી નહોતી. હવે આ વ્યવસ્થામાં ફેરફાર થઈ રહ્યો છે.

### બજારના અસ્થિરતાભર્યા તબક્કાએ રોકાણકારોની મ્યુ. ફંડમાં નાણાં રોકવાની રીત બદલી નાખી

# ઇક્વિટી સ્કીમોના કુલ ઇનફ્લોમાં SIPનો હિસ્સો 83%

**FY26માં ઇક્વિટી સ્કીમોમાં SIPનો હિસ્સો 83% રહ્યો, જે ઓગસ્ટમાં 32,297 કરોડની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો. આ બદલાવ બજારની અસ્થિરતા, જાગૃતિ અને ડિજિટલ સુવિધાને આભારી છે**



મુંબઈ

અમદાવાદમાં બજારની અસ્થિરતા અને નબળા વળતરને કારણે રોકાણકારોની મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની રીત બદલાઈ છે. હવે તેઓ મોટી રકમ એકસાથે રોકવાને બદલે SIP (સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) અપનાવી રહ્યા છે. FY26માં ઈક્વિટી સ્કીમોમાં SIPનો હિસ્સો 83% રહ્યો, જે ઓગસ્ટમાં 32,297 કરોડની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો. આ બદલાવ બજારની અસ્થિરતા, જાગૃતિ અને ડિજિટલ સુવિધાને આભારી છે. ઈક્વિટી માર્કેટમાંથી મળેલા બે વર્ષના નબળા વળતર અને અસ્થિરતાના તબક્કાઓએ રિટેલ રોકાણકારોની મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં રોકવાની રીત બદલી નાખી છે. એકસાથે મોટી રકમ (લમ્પસમ) રોકીને માર્કેટના સમયનો અંદાજ લગાવવાનો પ્રયાસ કરવાને બદલે, રોકાણકારો હવે મોટા પાયે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ)નો માર્ગ અપનાવી રહ્યા છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY૨૬) માં ઈક્વિટી સ્કીમોમાં કુલ ઈનફ્લોમાં સિપનો હિસ્સો ૮૩% જેટલો રહ્યો હતો, જે FY૨૫માં ૫૭% અને FY૨૪માં ૬૭% હતો. આ ટ્રેન્ડ નાણાકીય વર્ષ ૨૦૨૭ (FY૨૭)માં વધુ મજબૂત બન્યો છે. ઓગસ્ટ મહિનામાં સિપ ઈનફ્લો રૂ. ૩૨,૨૯૭ કરોડની સર્વકાલીન ઉચ્ચ સપાટીએ પહોંચ્યો હતો અને ઈક્વિટી ફંડ ઈનફ્લોમાં તેનો હિસ્સો ૮૯% હતો. આ દર્શાવે છે કે રોકાણકારો એકસાથે મોટી રકમ રોકવાને બદલે ધીમે-ધીમે હપ્તાવાર રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે. આ બદલાવ ખૂબ મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે શેરબજારના નબળા વળતરના લાંબા ગાળા દરમિયાન જોવા મળ્યો છે. ફંડ ઈન્ડસ્ટ્રીના સુત્રો સિપની વધતી લોકપ્રિયતા પાછળ બજારની અસ્થિરતા, રોકાણકારોમાં વધેલી જાગૃતિ, સરળ ડિજિટલ સુવિધા અને નાના શહેરોમાંથી વધતી ભાગીદારીને કારણભૂત ગણાવે છે. સિપના કારણે નાના શહેરોના રોકાણકારો માટે પણ એકસાથે મોટી રકમ (લમ્પ-સમ) ભેગી કરવાની રાહ જોયા વગર પ્રમાણમાં નાની રકમથી રોકાણ કરવાનું સરળ બન્યું છે સિપને બજારની અસ્થિરતા વચ્ચે પણ શિસ્તબદ્ધ રીતે રોકાણ જાળવી રાખવાનો એક ઉત્તમ માર્ગ છે.

### પિન કે OTP ની જરૂર નહીં: ફેસ અને ટચ આઇડીથી હાઇટેક સિક્યુરિટી

# ભારતમાં Apple Pay નો પ્રારંભ, પિન કે OTP વગર પેમેન્ટ! એક્સિસ બેન્ક બની પાર્ટનર




મુંબઈ

વિશ્વના સૌથી મોટા ડિજિટલ પેમેન્ટ માર્કેટ પૈકીના એક એવા ભારતમાં આખરે ટેક જાયન્ટ એપલે પોતાની લોકપ્રિય કોન્ટેક્ટલેસ પેમેન્ટ સર્વિસ 'Apple Pay' સત્તાવાર રીતે લોન્ચ કરી દીધી છે. વૈશ્વિક લોન્ચિંગના વર્ષો બાદ એપલે ભારતીય બજારમાં પગપેસારો કર્યો છે. આ સેવાની શરૂઆત માટે એપલે એક્સિસ બેંક (Axis Bank) સાથે ભાગીદારી કરી છે. હવે આઈફોન (iPhone), આઈપેડ (iPad) અને એપલ વોચ (Apple Watch) ધરાવતા યુઝર્સ કાર્ડને ભૌતિક રીતે ટચ કર્યા વિના કે પિન/ઓટીપી નાખ્યા વગર સીધા જ પોતાના ઉપકરણથી સુરક્ષિત ચુકવણી કરી શકશે. પ્રારંભિક તબક્કે એપલ પે સર્વિસ એક્સિસ બેંક દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલા Visa અને Mastercard ક્રેડિટ કાર્ડ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. યુઝર્સ તેમના એલિજિબલ ક્રેડિટ કાર્ડને 'એપલ વોલેટ' (Apple Wallet) માં ઉમેરીને દેશભરના મોલ, સુપરમાર્કેટ, રેસ્ટોરન્ટ તેમજ ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર સરળતાથી ચૂકવણું કરી શકશે. એપલ વોલેટ અને એપલ પેના વાઈસ પ્રેસિડેન્ટ જેનિફર બેઈલીએ જણાવ્યું હતું કે, 'ભારત એક ઝડપથી ડિજિટલ બની રહેલો દેશ છે. અહીંના યુઝર્સ સુરક્ષા અને પ્રાઈવસી સાથે કેશલેસ ટ્રાન્ઝેક્શનને પ્રાધાન્ય આપે છે, તેથી અમે ભારતમાં એપલ પે લાવવા માટે અત્યંત ઉત્સાહિત છીએ.' આગામી સમયમાં અન્ય અગ્રણી બેંકોને પણ આ પ્લેટફોર્મ સાથે જોડવામાં આવશે. એપલ પે દ્વારા ટ્રાન્ઝેક્શન કરતી વખતે કાર્ડનો ગુપ્ત પિન નંબર કે ઓટીપી (OTP) એન્ટર કરવાની જરૂર રહેશે નહીં.

# સેન્સેક્સ 48 પોઈન્ટ ઘટીને 72,480 પર બંધ

- **નિફ્ટી 92 પોઈન્ટ ઘટ્યો, મેટલ-ફાર્મા શેરોમાં સૌથી વધુ વેચવાલી; બે IPO ખુલ્યા**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 30 સપ્ટેમ્બરે ઘટાડો રહ્યો. સેન્સેક્સ 48 પોઈન્ટના ઘટાડા સાથે 72,480ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં 92 પોઈન્ટનો ઘટાડો રહ્યો અને તે 22,620ના સ્તરે બંધ થયો. ફાર્મા અને મેટલ શેરોમાં સૌથી વધુ વેચવાલી થઈ.

સિવિલ એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની કંપની વિશાલ નિર્મિતિ અને જ્વેલરી સેગમેન્ટની કંપની નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરીનો IPO આજથી ખુલ્યો છે. રોકાણકારો તેમાં 5 ઓક્ટોબર સુધી બોલી લગાવી શકશે. વિશાલ નિર્મિતિ આ IPO દ્વારા 178 કરોડ રૂપિયા અને નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરી 108 કરોડ રૂપિયા એકત્ર કરવા માગે છે. બજારમાં ફાર્મા, મેટલ અને FMCG ક્ષેત્રોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે, જ્યારે મીડિયા, રિયલ્ટી અને જાહેર ક્ષેત્રની બેંકોના સેગમેન્ટમાં ખરીદી થઈ રહી છે. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સના 30માંથી 13 શેરોમાં વધારો જોવા મળ્યો હતો જ્યારે 17 શેરોમાં ઘટાડો થયો હતો; બીજી તરફ, નિફ્ટીના 50 શેરોમાંથી 17 શેરો વધ્યા હતા, 32 ઘટ્યા હતા અને એક શેરમાં કોઈ ફેરફાર થયો ન હતો. સેન્સેક્સમાં 2.31 ટકાના ઘટાડા સાથે ઝોમેટો સૌથી વધુ નુકસાન નોંધાવનાર શેર રહ્યો હતો.

# GPSC હવે 'ગમતા પાર્ટી સિલેક્શન કમિશન' બની ગયું: ડૉ. મનીષ દોશીના ભાજપ પર પ્રહાર

## 'Message' ને 'Massage' લખનાર અને થાંભલે ચડીને ઝંડા લગાવનાર ભાજપી કાર્યકર્તાને GPSC ના સભ્ય બનાવતા ગુજરાતના યુવાનોમાં ભડકો; નિમણૂક રદ કરવા ઉગ્ર માંગ



અમદાવાદ

ગુજરાતની યુવા પેઢીના ભવિષ્ય સાથે ચેડાં કરતી અત્યંત ચોંકાવનારી અને સળગતી ઘટના સામે આવી છે. રાજ્યની સર્વોચ્ચ અને સ્વાયત્ત ભરતી સંસ્થા ગણાતી 'ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન' (GPSC) હવે તટસ્થ રહી નથી, પરંતુ ભાજપે તેને પોતાના પક્ષના કાર્યાલયની જેમ ચલાવીને 'ગમતા પાર્ટી સિલેક્શન કમિશન' બનાવી દીધું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ સરકારની આ હીન હરકત પર આકરા પ્રહાર કરતા સણસણતા આરોપો લગાવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા તાજેતરમાં ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, ભાજપના સક્રિય કાર્યકર્તા ડૉ. શિશિર મનોહરભાઈ ત્રિવેદીને GPSCના બિનસરકારી સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વર્ગ-૧ અને વર્ગ-૨ જેવા ઉચ્ચ અધિકારીઓની મૌખિક પરીક્ષા (ઈન્ટરવ્યૂ) લઈને ઉમેદવારોના ભવિષ્યનું ઘડતર કરતી આ પવિત્ર સંસ્થામાં કોઈ શૈક્ષણિક કે વહીવટી નિષ્ણાતને બદલે પોતાના પક્ષના કટ્ટર પ્રચારકને બેસાડીને ભાજપે સાબિત કરી દીધું છે કે તેના માટે 'મેરિટ' કરતાં 'પક્ષભક્તિ' જ સર્વોપરી છે. જે વ્યક્તિ ખુદ પોતાની પ્રોફાઈલ પર 'BJP Karyakarta' લખે, તે ઉમેદવારો સાથે કેવી રીતે ન્યાય કરશે? આશ્ચર્યની વાત તો એ છે કે જે વ્યક્તિએ ઈન્ટરવ્યૂ બોર્ડમાં નિષ્પક્ષ ન્યાયાધીશની ભૂમિકા ભજવવાની છે, તે આજે પણ પોતાની 'X' (ટ્વિટર) પ્રોફાઈલ પર ગર્વથી "Karyakarta: BJP" લખે છે અને તેમનું ભાજપનું મેમ્બરશિપ કાર્ડ જાહેરમાં ફરી રહ્યું છે. ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન ભાવનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રહી ચૂકેલા ડૉ. ત્રિવેદી નાનપણથી RSS સાથે જોડાયેલા છે અને અગાઉ થાંભલા પર ચડીને ભાજપનો ઝંડો લગાવવા સહિત પક્ષીય વિચારધારાનો પ્રચાર સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ કરતા રહ્યા છે. આવી કટ્ટર પક્ષીય પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિ ઈન્ટરવ્યૂ બોર્ડમાં બેસીને હજારો તેજસ્વી ઉમેદવારો સાથે કેવી રીતે ન્યાય કરી શકશે? તે એક મોટો અને ગંભીર સવાલ છે. વર્ષોની કઠોર મહેનત અને રાત-દિવસ એક કરીને લેખિત પરીક્ષા પાસ કરનારા લાખો યુવાનો માટે આ નિમણૂક સીધો આઘાત છે. ઈન્ટરવ્યૂમાં ગુણ આપનાર જ જો પક્ષનો કટ્ટર કાર્યકર્તા હશે, તો ભાજપ પૃષ્ઠભૂમિ ધરાવતા ઉમેદવારોને ઓળખીને વિશિષ્ટ લાભ આપવાની અને અન્ય સામાન્ય તથા લાયક ઉમેદવારોને જાણી જોઈને કાપી નાખવાની પૂર્ણ સંભાવના ઊભી થાય છે, જેનાથી 'સેટિંગ' અને ભ્રષ્ટાચારની આશંકાઓ વધુ મજબૂત બને છે.

**જેમને 'Message' અને 'ભારતીય' લખવાની સૂઝ નથી, તે અધિકારીઓનું ભવિષ્ય નક્કી કરશે? |** વધુમાં, જે વ્યક્તિ રાજ્યના ભાવિ ડેપ્યુટી કલેક્ટર અને DySP જેવા વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની યોગ્યતા તોલશે, તેમની પોતાની લેખન ક્ષમતા અત્યંત હાસ્યાસ્પદ છે. ગાંધીજીના અમર શબ્દો "My life is my message" ના બદલે તેઓ "My life is my massage" લખે છે અને માતૃભાષામાં "ભારતીય" ને બદલે "ભારતિય" લખે છે! જેમને માતૃભાષા કે અંગ્રેજીમાં પ્રાથમિક ભાષા શુદ્ધિની પણ સૂઝ નથી, તેવા વ્યક્તિને વૈજ્ઞાનિક, કાયદાવિદ કે નિવૃત્ત ન્યાયમૂર્તિઓની જગ્યાએ બેસાડવું એ ગુજરાતની ભણેલી-ગણેલી યુવા પેઢીનું ઘોર અપમાન છે.

**કોંગ્રેસના સીધા સવાલો: શું ગુજરાતમાં કોઈ લાયક શિક્ષણવિદ નહોતો મળ્યો? |** ફેબ્રુઆરી ૨૦૨૬માં ખુદ મુખ્યમંત્રીએ સ્વીકાર્યું હતું કે GPSC માં ૭ માંથી ૬ સભ્યપદ ખાલી છે. વર્ષો સુધી જગ્યાઓ ખાલી રાખીને ભરતી પ્રક્રિયા અટકાવ્યા પછી જ્યારે નિમણૂકો કરવામાં આવી, ત્યારે ન્યાય આપવાને બદલે પોતાના જ મળતીયાઓને ગોઠવી દેવાયા છે. ચેરમેન હસમુખ પટેલ પર પણ અગાઉ પક્ષપાત અને અનામત વર્ગના ઉમેદવારો સાથે અન્યાયના આક્ષેપો થઈ રહ્યા છે, ત્યારે બોર્ડમાં પક્ષીય કાર્યકર્તાનો ઉમેરો અગ્નિમાં ઘી હોમવા સમાન છે.

**તાત્કાલિક નિમણૂક રદ કરવા ઉગ્ર માંગ |** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આકરા શબ્દોમાં માંગણી કરે છે કે ડૉ. શિશિર ત્રિવેદીની GPSC સભ્ય તરીકેની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. તેમની જગ્યાએ બિનરાજકીય, પ્રામાણિક અને ઉત્કૃષ્ટ શૈક્ષણિક-વહીવટી લાયકાત ધરાવતા નિષ્ણાતોની નિયુક્તિ કરવામાં આવે અને ઈન્ટરવ્યૂ પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે સંપૂર્ણ વિડિયો-રેકોર્ડિંગ અને માર્ક્સની પારદર્શિતા અમલી બનાવાય.

# સ્કૂલના કેમ્પસમાં કોમર્શિયલ પ્રવૃતિ ન કરાવવા DEOનો આદેશ: શરતોના ભંગ બદલ કાર્યવાહી કરાશે

## ગરબા ક્લાસ માટે કેમ્પસનો ઉપયોગ કરાતા 4 શાળાની તપાસ સોંપાઇ

અમદાવાદ

નવરાત્રી નજીક આવતા જ અમદાવાદ શહેરની શાળાઓને કમાવવાની લાલચ જાગી ગઈ છે. કોમર્શિયલ પ્રવૃતિ માટે શાળાનું કેમ્પસ ભાડે આપવામાં આવ્યું હોવાની ચાર જેટલી શાળાઓની ફરિયાદ મળતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપ્યા છે. તેમજ અમદાવાદ શહેરની અન્ય શાળાઓને પણ શાળાના કેમ્પસમાં ધંધાકીય પ્રવૃત્તિ ન કરવા પણ કડક સૂચના આપવામાં આવી છે. જો અન્ય શાળામાં પણ નિયમોનું પાલન નહીં કરવામાં આવે સરકારની શરતોના ભંગ બદલ કડક કાર્યવાહી કરવાની પણ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તૈયારી દર્શાવી છે. શાળાઓમાં શિક્ષણના હિતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ માટે પ્રોફેશનલ અને કોમર્શિયલ પ્રવૃત્તિઓ કરવાની છૂટ આપવામાં આવતી હોય છે. પરંતુ નવરાત્રી નજીક આવતા કેટલીક શાળાઓએ કેમ્પસને કમાવવાનું સાધન બનવા દીધું છે. ચાર્જ લઈને શાળાના કેમ્પસમાં




ગરબા કરાવતી શાળાઓની ફરિયાદ મળતા અન્ય શાળાઓને પણ તાકીદ કરવામાં આવી છે. અમદાવાદ શહેરની તમામ શાળાઓને કેમ્પસમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ ન કરાવવા માટે તાકીદ કરવામાં આવી છે. કમાવવાની લ્હાયમાં શાળાનું કેમ્પસ કોમર્શિયલ પ્રવૃત્તિ માટે જો શાળાઓ ભાડે આપશે તો નિયમોના ભંગ બદલ કડક કાર્યવાહી પણ કરવામાં આવી શકે છે. તેમજ જે શાળાઓની ફરિયાદ મળી છે તેના તપાસ રિપોર્ટ બાદ તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવી શકે છે.

## વેચાણની પરવાનગી અને BU પરમિશન સંદર્ભે નોટિસ આપી ખુલાસો માંગ્યો

# કાલુપુરમાં 30 ફટાકડાની દુકાન સીલ કરાઈ: પુરાવા રજુ ન કરે ત્યાં સુધી દુકાનો સીલ રહેશે

અમદાવાદ

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો છે. કાલુપુર દરવાજા પાસે આવેલી 30 જેટલી ફટાકડાની દુકાનોને સીલ મારવામાં આવી છે. ફટાકડાના વેચાણ માટેની પરવાનગી અને બીયુ પરમિશન સંદર્ભે નોટિસ આપી અને ખુલાસો માંગવામાં આવ્યો છે. જ્યાં સુધી પુરાવા રજુ નહીં કરવામાં આવે ત્યાં સુધી ફટાકડાની દુકાનોને કોર્પોરેશન દ્વારા સીલ રાખવામાં આવશે.

મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, કાલુપુર દરવાજાથી કાલુપુર ટાવર તરફ કેટલીક ફટાકડાની દુકાનો




આવેલી છે જે દુકાનો બાબતે ફરિયાદ મળતાની સાથે જ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગના અધિકારીઓને કર્મચારીઓની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ફટાકડાની અંદાજિત 30 દુકાનમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં તેમની પાસે BU પરમિશન, ફાયર NOC, એક્સપ્લોઝિવ નું સર્ટિફિકેટ અને પોલીસ પરવાનગી સહિતની વિગતો માંગવામાં આવી હતી. જેમાં દુકાનો પાસે પૂરતા પ્રમાણમાં પુરાવા ન હોવાને લઈને 30 જેટલી દુકાનોને એસ્ટેટ વિભાગ દ્વારા હાલમાં સીલ મારવામાં આવી છે. તમામ દુકાનદારોને નોટિસ આપી ત્રણ દિવસમાં ખુલાસો આપવા જણાવવામાં આવ્યું છે. જ્યાં સુધી ફટાકડાની દુકાનના મંજૂરી માટેના પુરાવા રજુ નહીં કરવામાં આવે ત્યાં સુધી દુકાનો ખોલવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે, કાલુપુર પોલીસ સ્ટેશનથી માત્ર 500 મીટર દૂર જ ફટાકડાની દુકાનો આવેલી છે અને આ દુકાનોમાં પોલીસ પરવાનગી આપવામાં આવેલી છે કે કેમ તેને લઈને કોઈ માહિતી મળી નથી.

## આઝાદ પાર્ક સોસાયટીમાં શખ્સની રાક્ષસી દાદાગીરી

# અમદાવાદના દાણીલીમડામાં તલવારબાજીનો ખુલ્લો આતંક

અમદાવાદ

ગુજરાતની આર્થિક રાજધાની અને પોલીસના કડક પહેરાના દાવાઓ વચ્ચે અમદાવાદ શહેર ફરી એકવાર અપરાધીઓ અને ગુનેગારોના અડ્ડામાં ફેરવાતું જતું હોય તેવી ખતરનાક સ્થિતિ સર્જાઈ છે. શહેરના સંવેદનશીલ વિસ્તાર ગણાતા દાણીલીમડાના આઝાદ પાર્ક સોસાયટીમાંથી એક અત્યંત સનસનાટીભરી અને રૂંવાડા ઊભા કરી દે તેવી ઘટના સામે આવી છે. હાથમાં ખુલ્લી તલવાર લઈને સોસાયટીમાં આતંક મચાવતા એક અસામાજિક તત્વનો ભયાનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભય અને રોષનો માહોલ છવાઈ ગયો છે. પ્રાપ્ત માહિતી અને સોશિયલ મીડિયા પર વાયરલ



થઈ રહેલા સીસીટીવી (CCTV) ફૂટેજ મુજબ, દાણીલીમડાના આઝાદ પાર્ક વિસ્તારમાં એક બેફામ બનેલો શખ્સ હાથમાં તલવાર લઈને જાણે કાયદો અને વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંકતો હોય તેમ આતંક મચાવતો નજરે પડે છે. સોસાયટીની ગલીઓમાં અને રહેણાંક વિસ્તારની વચ્ચે આ શખ્સની બેફામ દાદાગીરી અને ઉશ્કેરણીજનક હરકતોએ ત્યાં રહેતા નિર્દોષ નાગરિકો, મહિલાઓ અને બાળકોની ઊંઘ હરામ કરી દીધી છે. સવાલો એ ઊભા થાય છે કે સામાન્ય જનતાની સુરક્ષા માટે રાત-દિવસ દાવા કરતી પોલીસની નજર નીચે આવા ગુનેગારો બેરોકટોક હાથમાં ઘાતક હથિયારો લઈને કેવી રીતે ફરી શકે છે? શું ખાકીનો ખોફ હવે અપરાધીઓમાંથી સંપૂર્ણપણે નાબૂદ થઈ ચૂક્યો છે? આઝાદ પાર્ક સોસાયટીમાં બનેલી આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ સ્થાનિક રહેવાસીઓમાં પોલીસ પ્રશાસન સામે જોરદાર આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જો આવા તત્વો બેફામ બનીને રહેણાંક વિસ્તારોમાં હથિયારો સાથે ખુલ્લેઆમ આતંક મચાવતા હોય, તો સામાન્ય નાગરિકો પોતાના જ ઘરોમાં સુરક્ષિત કેવી રીતે રહી શકે?

## ચાંદલોડિયા રામબાગ ઔડા આવાસ બહારથી રૂપિયા 5.96 લાખની વિદેશી દારૂની 1785 બોટલો ઝડપાઇ

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓની પોલ ખોલતી અને પોલીસ તંત્રને હચમચાવી દેતી એક અત્યંત ચોંકાવનારી ઘટના અમદાવાદમાંથી સામે આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે બાતમીના આધારે અમદાવાદના પોશ ગણાતા ચાંદલોડિયા વિસ્તારમાં આવેલા રામબાગ ઔડાના આવાસની બહાર સપાટો બોલાવ્યો છે. અહીં ખુલ્લેઆમ ચાલતા વિદેશી દારૂના કાળા કારોબારનો ફ કરીને SMC ની ટીમે અધધ કિંમતનો દારૂ અને વાહનો સહિતનો મોટો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે ચાંદલોડિયા રામબાગ ઔડા આવાસની બહાર વોચ ગોઠવીને અચાનક રેડ પાડી હતી. આ દરોડા દરમિયાન ગાડીઓ અને મકાન પાસેથી વિદેશી દારૂની કુલ્લે ૧૭૮૫ નંગ બોટલો કબ્જે કરવામાં આવી છે. પકડાયેલા દારૂની કિંમત અંદાજે રૂપિયા ૫,૯૬,૦૦૦ જેટલી થાય છે.

## અર્થતંત્રની ધોલાઈ અને શેરબજારની કંગાળી

# મધ્યમ વર્ગને બરબાદ કરનાર ભાજપ સરકાર સામે શક્તિસિંહ ગોહિલનો લાલઘુમ અવાજ!!

અમદાવાદ

આપણા દેશમાં બહુમતી પરિવારો મહેનતકશ મધ્યમ વર્ગના છે. આ મધ્યમ વર્ગના પરિવારોએ પોતાની પરસેવાની કમાણી બચાવી બચાવીને શેર બજારમાં રોકી હતી, કારણ કે દેશના વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીએ જૂન ૨૦૨૪માં દેશની જનતાને ખુલ્લેઆમ ખાતરી આપી હતી કે શેર બજારમાં રૂપિયા રોકો અને તમને અઢળક ફાયદો થશે. તેઓના શાસનમાં શેર માર્કેટ રેકોર્ડ તોડશે અને આર્થિક સમૃદ્ધિ આવશે. આજે એ વાત પર ભરોસો કરીને રોકાણ કરનાર સામાન્ય નાગરિકોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં જે સેન્સેક્સ ૮૫,૮૩૬ની ઊંચાઈ પર હતો, તે ગઈકાલે ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગબડીને ૭૨,૫૦૦ની આસપાસ આવી ગયો છે. એટલે કે બે વર્ષ પહેલાં જેમણે પોતાની મૂડી રોકી હતી તેમને કોઈ જ નફો નથી થયો, પરંતુ ઊલટાનું તેમની મૂડીમાં સાડા બાર ટકાનું ધોવાણ થયું છે અને માથા પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સનું મોટું આર્થિક ભારણ પણ આવી ગયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના વડા શક્તિસિંહ ગોહિલે આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, દેશના અર્થતંત્રના વિકાસના ખોટા આંકડા અને માયાજાળની વાતો વચ્ચે અને જમીની વાસ્તવિકતા વચ્ચે જમીન-આસમાનનો ફરક છે. ગત ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ૭.૮ ટકા વિકાસ દરની બણગાબાજી વડાપ્રધાનશ્રીએ કરી તેના તરત જ બાદ સેન્સેક્સ ૩૦૦૦ પોઇન્ટ કડભૂસ થઈને ગબડી પડ્યો હતો. હકીકતમાં ભાજપની સરકારનો સાંઠગાંઠવાળો, મૂડીવાદી અને માત્ર પોતાના ચોક્કસ માનીતા ઉદ્યોગપતિઓને જ માલામાલ કરવાનો સંકુચિત અભિગમ તથા દેશનું શાસન ચલાવવાની સંપૂર્ણ અણઆવડતના કારણે આજે દેશનું અર્થતંત્ર અને શેર બજાર ડૂબી રહ્યા છે. કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે વધુમાં યાદ અપાવ્યું કે, કોંગ્રેસની આગેવાનીવાળી યુપીએ સરકારે વર્ષ ૨૦૧૪ પહેલાં શેરમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના લોકોને રાહત આપવા માટે લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ એટલે કે એલટીસીજી સાવ નાબૂદ કરીને શૂન્ય ટકા કરી નાખ્યો હતો અને માત્ર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ જ લાગુ રહેતો હતો.

# સંક્ષીપ્ત સમાચાર

## એરપોર્ટ પર 973 ગ્રામ હાઇડ્રોપોનિક ગાંજા સાથે સુરતનો મુસાફર ઝડપાયો, 'ડિહાઇડ્રેટેડ ગુઆવા'ની આડમાં હેરાફેરી

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સના AIUએ મોટી કાર્યવાહી કરી છે. બેંગકોકથી આવેલી ફ્લાઇટના એક સુરતી મુસાફર પાસેથી 973.23 ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો છે. 'ડિહાઈડ્રેટેડ ગુઆવા'ના નામે 30 નાના પેકેટોમાં છુપાવીને આ નશીલો પદાર્થ લાવવામાં આવ્યો હતો. કસ્ટમ્સ અધિકારીઓએ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી, મુસાફરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)ને મોટી સફળતા મળી છે. થાઈલેન્ડના બેંગકોકથી આવેલી ફ્લાઇટના એક મુસાફર પાસેથી કસ્ટમ્સ અધિકારીઓએ 973.23 ગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો (મેરિજુઆના) ઝડપી પાડ્યો છે. આ નશીલા પદાર્થ સાથે કસ્ટમ્સે સુરતના વતની એવા પ્રવાસી શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જૂની અદાવતમાં ગાડીઓની તોડફોડ કરી આતંક મચાવનાર રોનક સહિત 6 ખૂંખાર આરોપીઓનો જાહેરમાં નીકળ્યો વરઘોડો

અમદાવાદના સંવેદનશીલ અને ગીચ ગણાતા વટવા વિસ્તારમાં જૂની અદાવત અને ખાર રાખવાની નાપાક માનસિકતાને કારણે અસામાજિક તત્વો દ્વારા આંતકનો નવો ખેલ રમાયો છે. મધરાત્રીના સુમારે કોઈ મોટા ગુનાને અંજામ આપવાના ઈરાદાથી નીકળેલા શખ્સોએ કાયદો અને વ્યવસ્થાને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો હતો. નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારમાં સવાર થઈને આવેલા આ બેફામ બદમાશોએ રસ્તાની કિનારે શાંતિથી પાર્ક કરાયેલા અસંખ્ય નિર્દોષ વાહનોમાં આડેધડ તોડફોડ ચલાવી હતી. ગાડીઓના કાચ ફોડીને અને વાહનોને રોષપૂર્વક નષ્ટ કરીને આ ગુનેગારોએ સમગ્ર વિસ્તારમાં ભારે ભય, દહેશત અને અસુરક્ષાનો માહોલ સર્જી દીધો હતો. ઘટનાને અંજામ આપ્યા બાદ આ તમામ આરોપીઓ રાતના અંધારાનો લાભ લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

## વર્ક પરમિટ અપાવવાના બહાને ₹30.94 લાખની છેતરપિંડી: કામ ન કરતાં ફરિયાદ

મુંબઈની વિઝા કન્સલ્ટન્સીના માલિકો દ્વારા વર્ક પરમિટ બીજા અપાવવાના બહાને અમદાવાદની વિઝા કન્સલ્ટન્ટ એજન્સી પાસેથી રૂ. 30.94 લાખ મેળવી છેતરપિંડી કરી હોવા અંગેની ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. વિદેશ જવા માંગતા વ્યક્તિઓના વર્ક પરમિટના કામ માટે ઓનલાઈન અને રોકડા રૂપિયા અમદાવાદની વિઝા કન્સલ્ટન્સી એજન્સીની મહિલાએ ચુકવ્યા હતા છતાં પણ કામગીરી ન કરી આપવામાં આવતા છેવટે તેઓએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુર વિસ્તારમાં માનસી સર્કલ પાસે આવેલા બાલાજી એવન્યુ માં રહેતા અને પાર્થ એસોસિએટ નામથી છેલ્લા 20 વર્ષથી વિઝા કન્સલ્ટન્સીનો વ્યવસાય કરતા રાજુલબેન ઉપાધ્યાયે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે 2022માં aura aim ઓવરસીઝ કન્સલ્ટન્સી નામની કંપનીના સેલ્સ એક્ઝિક્યુટિવ કૌશલ ચુડાસમા સાથે ઓળખાણ થઈ હતી.

## ચાંદલોડિયામાં રૂ.5.96 લાખના દારૂ સાથે ત્રણ ઝડપાયા, કુલ રૂ.16.33 લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ શહેરના સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ભારતીય બનાવટના દારૂ-બીયરની આશરે 51 પેટીમાંથી 1,785 બોટલ મળી કુલ રૂ.5,96,994નો IMFL જથ્થો ઝડપી પાડ્યો હતો. દરોડામાં ત્રણ વાહન, ત્રણ મોબાઈલ, રોકડ તથા અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.16,33,664નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી. રવિયાના નેતૃત્વમાં ચાંદલોડિયા રામબાગ AUDAના મકાનમાં બ્લોક નં.8 અને 9 વચ્ચેના જાહેર રસ્તા પર કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે કિરપાલ હરીભાઈ યાદવ, ધવલ કરશનભાઈ પારેગી અને રાજસ્થાનના પંકજ પોપટલાલ કલાલને ઝડપી પાડ્યા હતા.

## RTOનું ઈ-ચલણ ડાઉનલોડ કરતા પહેલા ચેતજો:GSTના અધિકારીને APK ફાઇલ મોકલી 7.33 લાખની ઓનલાઇન છેતરપિંડી

GST વિભાગના અધિકારી સાથે 17 ઓગસ્ટે સાયબર ગઠિયાએ મોબાઈલમાં RTO ઈ ચલણની APK નામની ફાઈલ મોકલી હતી અને તે ઈન્સ્ટોલ કરાવી હતી. જે બાદ ગઠિયાએ મોબાઈલ હેક કરી લીધો હતો. અધિકારીની જાણ બહાર તેમના મોબાઈલ નંબરને ગેરકાયદે રીતે પોર્ટ કરાવી લીધો હતો અને તેમના ઈન્ટરનેટ બેન્કિંગના આઈડી-પાસવર્ડની લઈ લીધા હતા. આ રીતે ગઠિયાએ અધિકારીના 4 અલગ-અલગ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી 7,33,523 ઉપાડી ઓનલાઈન છેતરપિંડી કરી હતી. જે અંગે તેમણે પોલીસ ફરિયાદ કરી છે. બીજી ઘટનામાં નારણપુરામાં રહેતા અને માણેકચોકમાં સોના-ચાંદીનો વેપાર કરતા 63 વર્ષીય વેપારી સાથે ઓનલાઈન સાયબર ફ્રોડ થયો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI